# બ્રહ્મનિર્ઝર

જે બ્રહ્મને જાણે તે પરમને પામે

* માર્ચ ૨૦૨૧ * વર્ષ ૩૫ * અંક ૧૨



તમારા ચીંધેલા એ મારગડે ચાલવાની, વા'લા ઉપાસના કરાવજો;
તમારા થઈ રહીએ અમે ક્યાંયે ન જઈએ, એવી વ્હાલમ આરાધના કરાવજો.

સાધુતાના કસબના કસબી **બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ** અને
સહજ આનંદની પરમ મંગલમૂર્તિ **સંતભગવંત સાહેબજીના પ્રાગટ્યપર્વે**
હ્રુદિયાની ભાવભીની પ્રાર્થના !

Anoopam Mission



**સંતરૂપે પ્રગટ હે ભગવન્સ્વરૂપ સાહેબજી !**

**આપના સુદિવ્ય શ્રીચરણે સાષ્ટાંગ વંદન છે !**

## હે ગુરુહરિ સાહેબજી !

આપના સુદિવ્ય શ્રીચરણે સાષ્ટાંગ વંદન છે !



ફોરમતા ફાગણના શુક્લ પક્ષની
રંગો-ઉમંગોથી સભર આપની પ્રાગટ્યપૂર્ણિમાએ
અમારા સૌના હૃદયના ભાવસભર ભક્તિરંગથી
આપના તેજસ્વી ભાલપ્રદેશે તિલક-ચંદન ધરીએ છીએ.

સર્વ જીવ ને આપના સંબંધી સર્વ અક્ષરમુક્તો પ્રતિ
આપની સેવાની સુગંધસભર સુહૃદભાવનાં પુષ્પોની રૂડી માળા
આપને ધરતાં કેવો હૃદયઉમંગ-આનંદ ઉભરાય છે !





## હે દિવ્યમૂર્તિ સાહેબજી !

આપની મૂર્તિ ને આપના સંતો-ભક્તોની
આપના જ ભાવથી મહિમાસભર સેવાક્ષણોના
તાણાવાણા ગૂંથી રચેલું અમારા ભાવરૂપ આ ઉપવસ્ત્ર
આપ ગ્રહણ કરો તેવી પ્રાર્થનાના ભાવ છે.



નિર્દોષબુદ્ધિ પ્રતિ પળ, સહજ, સર્વ પ્રતિ -
દૃષ્ટિમાં, વિચારમાં, વાણી અને વર્તનમાં
જે પ્રગટી, તે હૃદયમાં જાણે કે દિવ્યતાસભર અત્તરરૂપે પ્રગટી; ને,
જીવનસમસ્તને નિર્મળ પરમ સુવાસે મહેકતું કરી દીધું !
નિર્દોષબુદ્ધિ રૂપી અમારા જીવની સુગંધનું આ અત્તર
આપને અર્પણ કર્યાના ભાવની વિભોરતા હૈયે સભર-સભર છે !

## સંતરૂપે પ્રગટ હે ભગવન્‌સ્વરૂપ સાહેબજી !

આપના મહિમા ને ગુણો તો અપાર છે !
ભાષાના શબ્દોની વાણીમાં એ કહ્યા જાય તેવા નથી -
એ તો સર્વથા પરાત્પર પરમ અવર્ણનીય છે !

છતાં, આપના સંતો-ભક્તોનાં ગુણગાન
એ તો આપના જ દિવ્ય સ્વરૂપનાં યત્કિંચિત્ ગુણગાન છે.
આ ગુણગાન રૂપી કીર્તનભક્તિને નિરંતર જીવનપર્યંત
વિચાર ને વાણીથી અખંડ કરવાના ભાવ છે !

અને એમ આપના દિવ્ય સાંનિધ્યની
અક્ષર શાતા ને સુખમાં શેષ જીવન
આપનાં કાર્ય આપની રીતે આપને રાજી કરવા અર્પણ છે !

~ સાધુ મનોજદાસ



સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

વસંતપંચમી, 'શિક્ષાપત્રી' જયંતી, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ જયંતી પ્રસંગે સંતભગવંત સાહેબજીનાં આશીર્દાન.
૧૬ ફેબ્રુઆરી ૨૦૨૧, બ્રહ્મજ્યોતિ, મોગરી

**વસંતપંચમીનું** આજે મહામંગલકારી પર્વ અને અજોડ ગ્રંથ 'શિક્ષાપત્રી' જયંતી સાથે શ્રી અક્ષરપુરુષોત્તમ શુદ્ધ ઉપાસના પ્રવર્તક ગુરુદેવ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, મહા કવિઓ સમાન સંતરત્નો બ્રહ્માનંદ સ્વામીજી અને નિષ્કુળાનંદ સ્વામીજીનો પ્રાગટ્યનો પુણ્યશાળી દિવસ ! ખરેખર ખૂબ આનંદનો, મહિમાનો દિવસ. આખા વર્ષમાં અમુક દિવસોને બહુ ભાગ્યશાળી ગણ્યા છે. આ દિવસે કોઈ પણ કાર્યનો પ્રારંભ કરવો હોય તો મુહૂર્ત જોવાની જરૂર નહીં. વસંતપંચમીના દિવસે શ્રેષ્ઠ મુહૂર્ત, આ દિવસે તમે ગમે તે સમયે જે પણ કાર્ય કરો એ શુભ મુહૂર્ત જ હશે, એટલે બહુ ભાગ્યશાળી ને મંગલકારી દિવસ ! શ્રી સ્વામિનારાયણ ભગવાને પણ આ દિવસને પસંદ કરીને ભગવાનના આપણે સૌ આશ્રિતો પ્રભુની ભક્તિનો પરમ આનંદ માણીએ, દેહે કરીને, વ્યવહારે કરીને સુખિયા રહીએ એવી ધર્મની મર્યાદામાં રહીને ભક્તિ કરવા માટેનો શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ગ્રંથ 'શિક્ષાપત્રી' આપણને આપ્યો; જે સ્વામિનારાયણ સંપ્રદાયનો અજોડ ગ્રંથ છે !

સરદારસાહેબ-સરદાર વલ્લભભાઈ પટેલ સ્વામિનારાયણના સત્સંગી હતા. એમના પિતા ઝવેરભાઈ શાસ્ત્રીજી મહારાજના અનન્ય ભક્ત હતા. સરદારસાહેબ પંદર-સોળ વર્ષના હતા ત્યારે ખૂબ તોફાની હતા. બાપુજીને બહુ ચિંતા હતી એટલે શાસ્ત્રીજી મહારાજ પાસે લઈને આવ્યા ને કહ્યું કે, 'મારો આ છોકરો બહુ તોફાન કરે છે, ભણવામાં ધ્યાન નથી આપતો.' ત્યારે શાસ્ત્રીજી મહારાજે વિઠ્ઠલભાઈ અને વલ્લભભાઈ બંનેને માથે હાથ મૂકીને આશીર્વાદ આપ્યા, 'આ તમારો દીકરો તો દિલ્હીનો બાદશાહ થાય એવો છે.' ત્યારે બધાને હસવું આવે, પણ મોટા પુરુષ તો આત્માને ઓળખતા હોય. જેમને કામ કરવા સાથે લાવ્યા હોય એમને જાણતા હોય અને તેઓ જે બોલ્યા તેમ જ થાય. એ પ્રમાણે જ ભારત દેશ આઝાદ થયો ને સરદારસાહેબે ભારતનાં ૬૫૦ ઉપરાંત રજવાડાંને એકત્રિત કરી અખંડ ભારતની દુનિયાને ભેટ ધરી. સર્વ રાજાઓના રાજા બન્યા, કે'તાં એ અર્થમાં દિલ્હીના બાદશાહ કહેવાયા.

સરદારસાહેબ 'શિક્ષાપત્રી' વાંચતા. ભારત સ્વતંત્ર થયું ત્યારે તેઓ હૉમ મિનિસ્ટર હતા. એમણે ભારતની બધી વિટંબણાઓને પૂરેપૂરી જાણી, અનુભવી. ત્યારે એક જગ્યાએ તેઓ બોલ્યા કે, 'જો ભારતના નાગરિકો સ્વામિનારાયણ ભગવાને રચેલી 'શિક્ષાપત્રી'નું અનુસરણ કરે, પાલન કરે તો ભારતની કૉર્ટોનું ૬૦ ટકા કામ ઓછું થઈ જાય, લોકોને કૉર્ટમાં જવું ના પડે. વ્યવહારે કરીને લોકો સુખિયા થઈ જાય, સિવિલાઈઝ થાય.' જીવન જીવવાનો એવો અદ્‌ભુત 'શિક્ષાપત્રી'નો ગ્રંથ મહારાજે આચારસંહિતા રૂપ આપ્યો ને સ્વામિનારાયણ સંપ્રદાયના હરેક ભક્તોને એને અનુસરવાની આજ્ઞા આપી. અને આચારસંહિતાની સાથે સાથે તેમાં આત્માના કલ્યાણની પણ એક વાત કરી.

'શિક્ષાપત્રી'માં ૧૧૬મો એક શ્લોક અનાદિનો છે, સનાતન છે :

**'નિજાત્માનં બ્રહ્મરૂપં દેહત્રયવિલક્ષણમ્‌।**
**વિભાવ્ય તેન કર્તવ્યા ભક્તિઃ કૃષ્ણસ્ય સર્વદા ॥'**

પોતાના આત્માને ત્રણ દેહ, ત્રણ અવસ્થા, ત્રણ ગુણથી પર માનીને, બ્રહ્મસ્વરૂપ એવા સત્પુરુષમાં જોડાઈને એમની આજ્ઞામાં રહે તો અક્ષરરૂપ થઈને પુરુષોત્તમની ભક્તિનો અધિકાર પ્રાપ્ત થાય; આ સનાતન વાત છે. આ શ્લોક દ્વારા સ્વામિનારાયણ ભગવાને એ વાતનો પણ નિર્દેશ કર્યો કે, એવા અક્ષરરૂપ થયેલા સાધુની ભેટ આપીશ.

સ્વામિનારાયણ ભગવાન મૂળ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને પોતાની સાથે લાવ્યા. પોતાની હયાતીમાં સંતો-ભક્તોને ઓળખાણ પણ કરાવી કે, 'આ મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી એ અમારે રહેવાનું અક્ષરધામ છે. આવા સાધુ દ્વારા અમે પૃથ્વી ઉપર અખંડ રહીશું. એમને પોતાનો આત્મા માનશો, એમના વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ કરશો અને એમની આજ્ઞામાં રહેશો તો અમારી પ્રસન્નતાના પાત્ર બનતાં ત્રણ દેહ, ત્રણ અવસ્થા, ત્રણ ગુણથી પર તમે થઈ જશો, અક્ષરરૂપ થશો અને છતીદેહે ભગવાનના ધામનો આનંદ પામી શકશો.' એવો અદ્‌ભુત 'શિક્ષાપત્રી'નો ગ્રંથ ને એમાં લખેલા એવા અદ્‌ભુત શ્લોકનો, જેના દ્વારા પ્રગટીકરણ થયું છે એવા ગુણાતીતાનંદ સ્વામીની સ્વામિનારાયણ ભગવાને આપણને ભેટ આપી.

પણ આપણી સીમિત બુદ્ધિ છે અથવા તો જે બધી ભદ્રંભદ્રતા ચાલી આવે છે એને અનુસરનારા છીએ. નવીન વસ્તુનો સ્વીકાર બહુ ઓછા માણસો કરે. આમ તો પાછા કરે છે સ્વીકાર, મૉબાઈલ ફૉનનું નવું વર્ઝન આવે એટલે લેવા માટે લોકો તરત તૈયાર, નવી ફિલમ આવે એટલે જોવા માટે તરત તૈયાર, નવી સ્ટાઈલ આવે તો તરત તૈયાર, નવી ગાડી બહાર પડે તો તરત બુક કરાવે; આમ એ બધું નવું નવું સ્વીકારે છે. પણ ધર્મમાં, સત્સંગમાં કંઈક નવીન વાત આવે અને તે પણ સામાન્ય લોકોમાંથી નહીં પણ એવા સાચા સત્પુરુષ તરફથી આવે, તો પણ સ્વીકાર ના કરે. ભગતજી મહારાજે વાત કરી કે, 'ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષરનો અવતાર છે.' તે ના સ્વીકાર્યું. ભગતજી મહારાજને કેટલી બધી તકલીફો પડી! તેઓને વિમુખ કર્યા.

સ્વામિનારાયણ ભગવાને વડતાલમાં શ્રી લક્ષ્મીનારાયણ દેવ પધરાવ્યા - લક્ષ્મી અને નારાયણ. અમદાવાદમાં શ્રી નરનારાયણ દેવ પધરાવ્યા - નર અને નારાયણ. જૂનાગઢમાં શ્રી રાધારમણ દેવ - રાધા અને કૃષ્ણ ભગવાન. ગઢડામાં શ્રી ગોપીનાથજી દેવ પધરાવ્યા - ગોપી કે'તા રાધા અને નાથ-કૃષ્ણ ભગવાન. ધોલેરામાં શ્રી મદનમોહન દેવ.

**પોતાના આત્માને ત્રણ દેહ,**
**ત્રણ અવસ્થા, ત્રણ ગુણથી પર માનીને,**
**બ્રહ્મસ્વરૂપ એવા સત્પુરુષમાં જોડાઈને**
**એમની આજ્ઞામાં રહે તો**
**અક્ષરરૂપ થઈને પુરુષોત્તમની ભક્તિનો**
**અધિકાર પ્રાપ્ત થાય.**

તમે જુઓ, સ્વામિનારાયણ ભગવાને યુગલ ઉપાસનાનાં મંદિરો રચ્યાં. નહીં તો તેઓ શ્રી કૃષ્ણ પરમાત્માની એકલી મૂર્તિ ના પધરાવત?

સ્વામિનારાયણ સંપ્રદાય એ ઉદ્ધવ સંપ્રદાય-વૈષ્ણવ સંપ્રદાય છે એવું સ્વામિનારાયણ ભગવાન કહેતા. વૈષ્ણવ પરંપરામાં તો શ્રીનાથજીની કે શ્રી કૃષ્ણ ભગવાનની એક જ મૂર્તિ પધરાવે છે, કોઈ જગ્યાએ શ્રી રાધાકૃષ્ણની મૂર્તિ પધરાવતા હશે. પણ સ્વામિનારાયણ ભગવાને એમણે રચિત છએ છ મંદિરમાં યુગલ ઉપાસનાની મૂર્તિઓ પધરાવી. એ દ્વારા એમણે નિર્દેશ કર્યો કે, ભગવાન એમના એવા સાધુમાં અખંડ રહે છે, એવા સાધુ દ્વારા પ્રગટ રહે છે. અને એવા સાધુમાં જોડાઈએ તો જ ભગવાનનું સાચું દર્શન થાય, ભગવાનની પ્રસન્નતાના પાત્ર બનીએ, ભગવાન રાજી થાય એવું જીવન જીવવાની સમજ આવે. સ્વામિનારાયણ ભગવાનને આપણી સાધના સરળ બનાવવી હતી એટલે તેઓએ આ ઉપાસના પદ્ધતિ પ્રવર્તાવી. 'ઉપાસના' એટલે ઉપ-આસન - ભગવાનની નજીક બેસવું. ભગવાનની નજીક બેસવું એટલે ભગવાનની સાથે રહેવું, ભગવાનના થઈને રહેવું, ભગવાનને રાખીને પ્રવૃત્તિ કરવી. ભગવાન આપણી સાથે કેવી રીતે રહે ? તો જેમના દ્વારા ભગવાન પ્રગટ છે એવા ગુણાતીત સાધુની સાથે જોડાવાથી.

આપણા ઘરમાં ઈલેક્ટ્રિક પંખા, લાઈટ, ફ્રિજ, ઍરકન્ડિશન મશીન, એવાં ભાતભાતનાં ઈન્સ્ટ્રુમૅન્ટ્સ હોય પણ એને ચાલુ કરવા શું કરવું પડે ? સ્વિચ ઑન કરો તો ચાલુ થઈ જાય ? ના. પણ એનું ઈલેક્ટ્રિકના થાંભલામાંથી પાવરનું કનેકશન લેવું પડે. ઈલેક્ટ્રિકનું કનેકશન મળે ત્યારે લાઈટો ને બધું ચાલુ થાય. એમ, ભગવાનની પ્રસન્નતાનું પાત્ર બનવા માટે, ભગવાનની સાથે રહેવા માટે, ભગવાન આપણામાં રહે ને આપણે ભગવાનના થઈને જીવીએ એના માટે કનેક્શન જોઈએ. તો ભગવાનમાં જે રહે છે એવા સાધુમાં કનેક્ટ થાવ તો ભગવાન સાથે આપણે કનેક્ટ થઈએ. આ સીધી, સાદી ને સરળ વાત આપણે બધા





'ઉપાસના' એટલે
ઉપ-આસન-ભગવાનની નજીક બેસવું.
ભગવાનની નજીક બેસવું એટલે
ભગવાનની સાથે રહેવું,
ભગવાનના થઈને રહેવું,
ભગવાનને રાખીને પ્રવૃત્તિ કરવી.

બુદ્ધિશાળી માણસોએ એટલી બધી ગૂંચવી નાખી છે કે, આપણે ભગતજી મહારાજને સમજ્યા નહીં, એમની વાતને સમજ્યા નહીં.

પણ, ધન્ય છે શાસ્ત્રીજી મહારાજને ! આજે શાસ્ત્રીજી મહારાજના પ્રાગટ્યપર્વે તેઓને લાખ લાખ નહિ, કરોડ કરોડ નહિ, આંકડા ઓછા પડે એટલાં વંદન કરીએ તોય ઓછાં છે. એ દિવ્ય પુરુષે ભગતજી મહારાજ થકી રહસ્ય પ્રાપ્ત કર્યું. ખરેખર એ કાર્ય કરવા માટે જ શાસ્ત્રીજી મહારાજ પોતે આ બ્રહ્માંડમાં આવ્યા હતા. સ્વામિનારાયણ ભગવાનના સંકલ્પોમાં એક સંકલ્પ એકાંતિક ધર્મનું પ્રવર્તન કરવાનો હતો, યાદ રાખો ! એકાંતિક - એકના અંતને પામી જાય. ભગવાનમય બનીને ભગવાનની ભક્તિ કરતાં કરતાં એક સમાજનું -જેને આપણે 'ગુણાતીત સમાજ' કહીએ છીએ એનું સ્થાપન કરવા માટે તેઓ પધાર્યા. એકાંતિક ધર્મનું સ્થાપન એવા ગુણાતીત સાધુના યોગ વગર અશક્ય છે. અક્ષરરૂપ થવા માટે અક્ષરરૂપ થયેલા સાધુની જરૂર છે. ગુણાતીતભાવને પામેલા સાધુને પોતાનો આત્મા માની, બે હાથ જોડી તેમની આજ્ઞા પાળવી આવશ્યક છે, અગત્યનું છે. મૂળ અક્ષરબ્રહ્મના અવતાર - ગુણાતીતાનંદ સ્વામીને મહારાજ પોતાની સાથે મૉડેલ તરીકે લાવેલા કે, આવા સાધુ થકી અમે પ્રગટ રહીશું. ભગતજી મહારાજે એમની ઓળખાણ કરાવી. અને ભગતજી મહારાજની આ વાત શાસ્ત્રીજી મહારાજે પકડીને સમગ્ર વિશ્વના ફલક પર મૂકી એટલે એમાં આપણે બધા ફાવી ગયા.

શાસ્ત્રીજી મહારાજનો પ્રાગટ્યપર્વ ખરેખર માનવમાત્રનું પરિવર્તન કરવા માટેનો દિવસ કહેવાય. બધા વૅલેન્ટાઈન-ડે, ફાધર્સ-ડે, મધર્સ-ડે ને એવા બધા ડે ઊજવે છે, તેમ આવા 'પરિવર્તન દિવસ' ઊજવવા જોઈએ. વાનરમાંથી માનવ પરિવર્તિત થયો પણ ત્યાંથી અટકી ગયો હતો. પોતાની બુદ્ધિ, હોશિયારી, આવડતથી, સખત મહેનત કરીને માણસે અનંત પ્રકારની સુખ-સુવિધાઓ ઊભી કરી, પણ એ જ માણસ અહંતા, મમતાને કારણે શાંતિથી જીવી નથી શકતો, ફરી નથી શકતો. તમે જુઓ, દુનિયાના ફલક પર કકળાટ-કંકાસ, મારું-તારું ને ધાંધલધમાલ ચાલી રહી છે. શાથી ? માણસ મૂળ વસ્તુ ચૂકી ગયો. જે શોધવાનું હતું એ ના શોધી શક્યો. પણ, ભગવાન દયાળુ છે, ઉદાર છે, અધમઉદ્ધારણ છે, પતિતપાવન છે, કૃપાળુ છે ! એમણે જોયું કે, માણસ દેહની સુખ-સુવિધાઓ જ શોધશે, દેહના સુખ માટે જ ફાંફાં મારશે. એને આત્માના સુખની કોઈ ખબર છે નહીં, એટલે એ ખબર આપવા માટે ભગવાન પોતે માનવરૂપે પ્રગટ થયા અને એવા સાધુ થકી પ્રગટ રહ્યા. શાસ્ત્રીજી મહારાજે આપણી પર કૃપા કરીને એ આત્માના સુખે સુખી થવાનો અદ્ભુત માર્ગ શુદ્ધ ઉપાસના દ્વારા બતાવ્યો.

હે માનવો ! જીવનમાં બધું કરો, પણ એવા ગુણાતીતભાવને પામેલા સાધુમાં જોડાવ, આત્મબુદ્ધિ ને પ્રીતિ કરો. એમની આજ્ઞા પાળીને પછી બધું કરશો તો તમને કશું બંધનરૂપ નહીં થાય, અહંતા-મમતા ઓગળશે, જીવનમાં પરિવર્તન થશે, યાદ રાખો ! કશું છોડવાનું નથી, અંદરથી છૂટી જશે. કકળાટ-કંકાસ કરાવે એવી બધી વસ્તુઓ એ આપણામાંથી જતી રહેશે. જો મૂળ માયા નીકળી જશે તો સર્વાંગ સુંદર જે જે સુવિધાઓ છે, જે જે બધું છે એ જ તમને આનંદદાયક ને સુખદાયક લાગશે. પણ, એવા ગુણાતીત સાધુને ઓળખ્યા વગર, એવા ગુણાતીત સાધુમાં જોડાયા વગર, એવા ગુણાતીત સાધુની બે હાથ જોડીને આજ્ઞા પાળ્યા વગર કદી, કદી, કદી જીવ, ઈશ્વર અને ત્રીજું માયા - એ સમુદ્ર ક્રૉસ થઈ શકતો નથી. અને એ ક્રોસ કરો તો બ્રહ્મસ્વરૂપ થાઓ. અને બ્રહ્મસ્વરૂપ થાઓ તો પરબ્રહ્મનો આનંદ આવે, આવે ને આવે.

શાસ્ત્રીજી મહારાજ કેવા અદ્ભુત પુરુષ ! કેટલાં બધાં કષ્ટ સહન કર્યાં. અક્ષરપુરુષોત્તમની ઉપાસના - ભગવાન સદાય સાકાર છે, કર્તાહર્તા છે, પ્રગટ છે, બે હાથ જોડીને એમની આજ્ઞા પાળો અને ભગવાનના ભક્તોને નિર્દોષ માનો; આ પાંચે પાંચ મુદ્દા તમે શાસ્ત્રીજી મહારાજનું જીવનચરિત્ર વાંચો તો તેઓના જીવનના વર્તનમાં દેખાશે.

અમે સંતો તો બધાને ભલામણ કરીએ છીએ, અને બધા ભક્તોને અમારી પ્રાર્થના છે કે, કોરોના કાળમાં બહુ નુકસાન થયું છે એ વાત

સાચી, પણ આધ્યાત્મિકતામાં આપણને ફાયદો પણ બહુ થયો છે. સમય છે, બીજી દોડધામ બંધ છે તો 'શાસ્ત્રીજી મહારાજનું જીવનચરિત્ર', 'યોગીજી મહારાજનું જીવનચરિત્ર', 'શાસ્ત્રીજી મહારાજના પત્રો'નાં બે પુસ્તક વાંચજો. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજે સંસ્થામાં ભણેલા-ગણેલા જે સંતો બનાવ્યા, મહંત સ્વામી, ડૉક્ટર સ્વામી, ઈશ્વરચરણ સ્વામી, ભક્તિપ્રિય-કોઠારી સ્વામી, ત્યાગવલ્લભ સ્વામી, વિવેકસાગર સ્વામી, બ્રહ્મવિહારી સ્વામી, ભદ્રેશ સ્વામી; તમે જુઓ તો એકે એક જાયન્ટ સાધુઓ છે ! હરિપ્રસાદ સ્વામી, પ્રેમસ્વરૂપ સ્વામી, અશ્વિનભાઈ, શાંતિભાઈ, ગુરુજી; આ બધા અદ્‌ભુત સાધુઓની ભેટ આપણને આપી છે ! જેમણે શાસ્ત્રીજી મહારાજ – યોગીજી મહારાજની વાતોને અદ્‌ભુત મંદિરો દ્વારા, વર્તન દ્વારા, પ્રકાશનો દ્વારા કેટલી સરસ પ્રસરાવી છે !

બૅપ્સ સંસ્થાના સંતોને ખરેખર ધન્યવાદ ઘટે ! આ સંતોને તમે જુઓ તો મસ્તક નમી જાય ! પ્રમુખ સ્વામીબાપાની – મહંત સ્વામીબાપાની આજ્ઞાથી શ્રીજી મહારાજ, ગુણાતીત, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, ભગતજી મહારાજ; આ બધાનાં જીવનચરિત્રોના ગ્રંથો બહાર પાડ્યા છે. આ જીવનચરિત્રો વાંચીએ અને એમાંથી શાસ્ત્રીજી મહારાજના પત્રોના જે ગ્રંથ-'લિખિતંગ શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી' ભાગ-૧ અને ભાગ-૨; એ વાંચવા જેવા છે. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજે જે ભીડો વેઠ્યો ને આપણા માટે જે આવો અદ્‌ભુત સુખમય, આનંદમય માર્ગ બનાવ્યો છે, તો આપણને અંદરથી એવો ભાવ પ્રગટે કે, આવા પુરુષો માટે બધું જ કરી છૂટીએ. તેઓ માટે જેટલું કરીએ એટલું ઓછું પડે.

શાસ્ત્રીજી મહારાજે ભગતજી મહારાજ દ્વારા ઉપાસનાની વાતો સાંભળી અને કરી. શાસ્ત્રીજી મહારાજ પોતે અક્ષરપુરુષોત્તમનું સાકાર સ્વરૂપ જ હતા, પણ એમણે જીવન જીવીને બતાવ્યું. સ્વામિનારાયણ ભગવાન એ ભગવાનનું સ્વરૂપ છે એવી દૃઢ નિષ્ઠા હતી એટલે તો એમના સાધુ થયા. દીક્ષિત થઈને શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ બન્યા. સંસ્કૃતમાં ભણ્યા અને શાસ્ત્રી બન્યા એટલે 'શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી' કહેવાયા.

બીજું સ્ટેપ છે કર્તાહર્તા ભગવાનને માનવા. તો શાસ્ત્રીજી મહારાજના જીવનમાં તમે જુઓ, એમના પત્રોમાં તમે વાંચો તો તમને ખ્યાલ આવે કે, તેમણે પળેપળ ભગવાનને કર્તાહર્તા માન્યા. કેટલા જાયન્ટ પુરુષ, કેટલા શૂરવીર ! કે કોઈનાથી દબાય નહીં. કોઈ અડફેટે ચડે તો એને ખંખેરી નાખે એવા, પણ તેઓ દાસત્વભક્તિથી ભર્યાભર્યા હતા. પોતાની શૂરવીરતા એમણે ક્યાં વાપરી ? તો ભગવાનને કર્તાહર્તા માન્યા.

૧૯૦૫માં એક પ્રસંગ બન્યો એ સાંભળો. વડતાલમાં ૧૧મી નવેમ્બર, ૧૯૦૫ ને ચૌદશની સવારે હરિભક્તોની એક અગત્યની મીટિંગ મળી અને એમાં ઘનશ્યામભાઈ વૈદ્યનું સૂચન આવ્યું કે, સ્વામીશ્રીને વડતાલથી ખસેડી લેવા એ જ ઉત્તમ માર્ગ છે. બધા હરિભક્તોને શાસ્ત્રીજી મહારાજ માટે ખૂબ જ પ્રેમ હતો, પણ સમૈયામાં આવીને તેઓએ ઘરે જતું રહેવું પડે અને શાસ્ત્રીજી મહારાજ તો વડતાલ જ રહે. અહીં એમને તકલીફનો કોઈ પાર નહીં. એટલે આ બધા વિચારતા કે, આપણે શું કરવું છે ? એટલે ઘનશ્યામભાઈએ સૂચન કર્યું કે, સ્વામીશ્રીને વડતાલથી ખસેડી લેવા એ જ ઉત્તમ માર્ગ છે. પછી થયું કે, 'ખસેડવા કેવી રીતે ?' એટલે નિર્ણય કર્યો કે, આચાર્ય મહારાજશ્રી પાસે આપણે ચિઠ્ઠી લખાવીએ અને સ્વામીને બોચાસણ બાજુ વિચરણમાં મોકલીએ. આમેય રુદેલમાં મંદિરનું કામ ચાલુ છે ને તે કામ શાસ્ત્રીજી મહારાજ દ્વારા થઈ રહ્યું છે તો તેનું ધ્યાન રાખવા આપણે આચાર્ય મહારાજની ચિઠ્ઠી, રજા લઈને શાસ્ત્રીજી મહારાજને મંદિરની બહાર વિચરણમાં લઈ જઈએ. આ બધા હરિભક્તો આચાર્ય મહારાજશ્રી અને કોઠારી બંનેને મળ્યા, પણ કોઈએ એ બાબતનો કોઈ પ્રતિભાવ ના આપ્યો, કોઈ જવાબ જ ના આપ્યો. એટલે એ બધા ભેગા થઈને ગોરધનભાઈ કોઠારીને મળ્યા.

ત્યારે ગોરધનભાઈ કોઠારી શું વાત કરે છે એ સાંભળવા જેવી છે. ગોરધનભાઈ કોઠારી એટલે રઘુવીરજી મહારાજના સમયના કોઠારી. ચાર-

**ભગવાનમાં જે રહે છે
એવા સાધુમાં કનેક્ટ થાવ તો
ભગવાન સાથે આપણે
કનેક્ટ થઈએ.**





**ગુણાતીતભાવને પામેલા સાધુને પોતાનો આત્મા માની, બે હાથ જોડી તેમની આજ્ઞા પાળવી આવશ્યક છે, અગત્યનું છે.**

ચાર આચાર્યો સાથે તેઓએ કામ કરેલું ને એમનો એટલો ડંકો વાગે, હાક વાગે. પણ આ જે પ્રસંગ છે ત્યારે એમની ઉંમર થઈ ગઈ હતી, એમનો બધો કન્ટ્રોલ છૂટી ગયો હતો. એટલે ગોરધનભાઈ કોઠારીએ લાચારીથી કહ્યું કે, 'અત્યારે મંદિરમાં મારું કાંઈ ચાલે તેમ નથી. અને આ કાર્ય માટે આચાર્ય સિવાય કોઈ ખુલાસો નહીં થાય, માટે તેમની પાસે દબાણપૂર્વક માગણી કરો.' એમ કહીને ગંભીર થઈને ગોરધનભાઈ કોઠારી એક બહુ અગત્યનું વાક્ય બોલે છે : 'એક બીજી વાત કે, આ વખતે શાસ્ત્રીને એકલા મૂકીને જશો નહીં.' અને આ પછીનાં બધાં વાક્યો તેમણે અધ્યાહાર રાખ્યાં. એના પરથી પરિસ્થિતિ કેટલી ગંભીર હશે એનો ક્યાસ નીકળે છે. આવું સાંભળીને બધા હરિભક્તો ધબકારો ચૂકી ગયા, ધ્રૂજી ગયા. સૌએ આ બધી વાત સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજને કહી કે, 'હવે વડતાલ છોડી દો. હવે તો હદ થાય છે અને આ તો તમારા જીવનું જોખમ છે.'

ત્યારે *સ્વામીશ્રી સ્થિતપ્રજ્ઞતાથી બધું સાંભળી રહ્યા છે.* કોઈ આવીને આપણને કહે કે, 'અહીં રહેવામાં તમારી જાનની સલામતી નથી.' તો આપણે શું વિચારીએ ? જ્યારે આ તો ગોરધનભાઈ કોઠારી જેવા જવાબદાર વ્યક્તિ આ ભક્તોને કહે છે કે, 'શાસ્ત્રીજી મહારાજને એકલા મૂકીને જશો નહીં.' એમણે કેટલી ગંભીર વાત કહી ! અને આ વાત જ્યારે શાસ્ત્રીજી મહારાજને કરી ત્યારે શાસ્ત્રીજી મહારાજ સ્થિતપ્રજ્ઞતાથી બધું સાંભળી રહ્યા. તમે જુઓ, તેઓ ભગવાનને કેટલી હદે કર્તાહર્તા માનતા હતા ? શાસ્ત્રીજી મહારાજ બોલ્યા, '*તમે નાહકના સંકલ્પ કર્યા કરો છો. આપણે સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત છીએ. આપણે સ્વામિનારાયણ ભગવાનની મરજી અનુસાર રહેવું, માટે કોટિ કલ્પે છૂટા થવાની વાત કરશો જ નહીં.*' એમનો કહેવાનો મતલબ એ હતો કે, ભગવાન કર્તાહર્તા છે, ભગવાનની મરજી અનુસાર જ બધું થવાનું છે તો પછી કોણ મને મારનાર છે ? 'મારી મરજી વિના રે કોઈથી તરણું નવ તોડાય...' એમ આપણે બોલીએ છીએ, પણ માનતા નથી. પણ શાસ્ત્રીજી મહારાજની રગેરગમાં એ હતું. એમને મારવાની ધમકીઓ મળી છે, એમને મારી નાખશે એવી વાતો થઈ રહી છે ત્યારે શાસ્ત્રીજી મહારાજ નિશ્ચિંતતાથી ને સ્થિતપ્રજ્ઞતાપૂર્વક બોલે છે કે, '*મહારાજની ઈચ્છાથી જ બધું થવાનું છે, એમની મરજી વિના કંઈ થવાનું નથી.*'

અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનું ત્રીજું સ્ટેપ આવે છે : એવા ગુણાતીત સાધુમાં જોડાવું. શાસ્ત્રીજી મહારાજને ભગતજી મહારાજમાં અસાધારણ પ્રીતિ ! તમે વિચાર કરો, એવા સાધુ કે, જેમની આચાર્ય મહારાજ પાસે ગાદી પડે, જેમનું સંસ્થામાં માન-સન્માન હોય, જેમનામાં હજારો હરિભક્તો ખેંચાયેલા હોય, ભગવાંધારી સંત ને પ્રકાંડ પંડિત ! એમનું જ્ઞાન, નિયમ-ધર્મ તમે જુઓ તો એની તોલે કોઈ સાધુ ના આવી શકે એટલાં અદ્‌ભુત, નિયમબદ્ધ, મહા પ્રભાવશાળી, મહા તેજસ્વી શાસ્ત્રીજી મહારાજ હતા ! અને ભગતજી મહારાજ ગૃહસ્થ ને સફેદ કપડાંધારી સંસારી માણસ હતા. પણ શાસ્ત્રીજી મહારાજે એમને ગુરુ બનાવ્યા. એમને તેઓ ગુણાતીત સ્વરૂપે જોતા હતા. ભગતજી મહારાજનું જીવનચરિત્ર વાંચીએ તો આપણને ખ્યાલ આવે કે, કેવું જીવન જીવીને એમણે ગુણાતીતાનંદ સ્વામીની પ્રસન્નતા પ્રાપ્ત કરી છે !

કોઈએ ગુણાતીતાનંદ સ્વામીને પૂછ્યું કે, 'આટલા બધા ભગવાંધારી સાધુઓ હતા, આટલા બધા બ્રાહ્મણો હતા છતાં તમે એક દરજીને દૈવત આપ્યું ?' ત્યારે ગુણાતીતાનંદ સ્વામી બોલ્યા કે, 'આપ્યું નથી, અપાઈ ગયું છે !' ભગતજી મહારાજ એવું જીવન જીવ્યા છે, એટલાં કષ્ટ સહન કર્યાં છે, ભગવાનને અર્થે માથું મૂકીને સેવાઓ કરી છે, તો પ્રભુ રાજી થઈ ગયા ને દૈવત આપી દીધું ! સ્વામી કહે, 'એ ઠોઠબોઠિયું નથી કે પાછું લઈ લેવાય.' ભગતજી મહારાજ ગુણાતીતની અંતરની પ્રસન્નતા પ્રાપ્ત કરીને ગુણાતીતભાવને પામેલા છે, એ વાત શાસ્ત્રીજી મહારાજને સમજાઈ. આટલા બધા સાધુઓને, લાખો હરિભક્તોને- કોઈને આનો ખ્યાલ ના આવ્યો ; એ અક્ષરપુરુષોત્તમનું રહસ્ય શાસ્ત્રીજી મહારાજ સમજ્યા. અને ભગતજી મહારાજમાં આત્મબુદ્ધિ ને પ્રીતિથી એવા જોડાયા કે, એમની આજ્ઞાનું અક્ષરશઃ પાલન કર્યું.

જ્યારે બધા હરિભક્તોએ શાસ્ત્રીજી મહારાજને કહ્યું કે, તમારા જીવનું જોખમ છે. ત્યારે ભગવાનને કર્તાહર્તા માનીને કહ્યું કે, 'મને કાંઈ નથી થવાનું, તમે ચિંતા ના કરો.' અને છૂટા પડવાની વાત નહીં. કારણ ? તેઓ પછી બોલે છે : *'મારા ગુરુ ભગતજી મહારાજની આજ્ઞા છે કે, તારા કટકા થઈ જાય તો હું સાંધી દઈશ, પણ વડતાલનો દરવાજો છોડીશ નહીં.'* એટલે હું વડતાલ નહીં છોડું. કોઈની લાગણીમાં, કોઈના પ્રેમમાં કે અન્ય કોઈ પ્રભાવમાં તેઓ આવ્યા નહીં. તેઓ ખરેખર પ્રભુમાં જોડાયેલા, અને પોતાના ગુરુની આજ્ઞામાં રહેલા. શાસ્ત્રીજી મહારાજે અક્ષરપુરુષોત્તમની ઉપાસના પ્રવર્તાવી, પણ એમની રગેરગમાં ઉપાસના જીવતી હતી.

જુઓ, આગળ શું થાય છે? *૧૧મી નવેમ્બરે આ પ્રસંગ બન્યો ને તેઓએ વડતાલ છોડવાની ના પાડી અને ૧૨મીની સવારે વડતાલ મંદિરના પાટોત્સવનો સમૈયો હતો. બધાને ચિંતા હતી કે શું થશે?* શ્રી કૃષ્ણજી અદા એ ભગતજી મહારાજ, જાગા સ્વામીના સમકાલીન એવા ગુણાતીત સ્વરૂપ ! જેમના ઉપર ગુણાતીતાનંદ સ્વામી અને જાગા સ્વામીની અનન્ય પ્રસન્નતા હતી અને ગુણાતીતભાવને પામેલા. આ વસ્તુ પણ શાસ્ત્રીજી મહારાજે પકડી હતી. કૃષ્ણજી અદાને ખબર પડી કે, શાસ્ત્રીજી મહારાજ પર સંકટ છે એટલે તેઓ પચાસ ભક્તોને લઈને વડતાલના આ સમૈયામાં હાજરી આપવા આવ્યા હતા. બધા ભક્તોએ કૃષ્ણજી અદાને કહ્યું કે, 'શાસ્ત્રીજી મહારાજ પર સંકટ છે, પણ તેઓ વડતાલથી બહાર નીકળવાની ના પાડે છે. અને અમને તેમની ચિંતા થાય છે, ઘરે ઊંઘ નથી આવતી. તમે અમને મદદરૂપ થાવ.' ત્યારે કૃષ્ણજી અદા શાસ્ત્રીજી મહારાજને મળ્યા. કૃષ્ણજી અદાને ખ્યાલ હતો કે, સ્વામિનારાયણ ભગવાને મંદિરોમાં યુગલ ઉપાસનાની મૂર્તિઓ પધરાવીને આપણને એ મૂર્તિમાન અક્ષરરૂપ થઈને અક્ષરપુરુષોત્તમની ભક્તિ અદા કરવા માટે આદેશ આપ્યો છે. અને મહારાજની મૂર્તિની સાથે ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિ પધરાવવાનો સ્વામિનારાયણ ભગવાનનો સંકલ્પ, અક્ષરપુરુષોત્તમ ઉપાસના દ્વારા સાકાર કરવો હતો, એ ભગવાનનું જ કામ છે. એટલે એમણે શાસ્ત્રીજી મહારાજને કહ્યું કે, ***'જે ભગતજી મહારાજે તમને આજ્ઞા કરી હતી કે, 'વડતાલ મંદિરનો દરવાજો ના છોડીશ', એ ભગતજી મહારાજ જ આજ્ઞા કરે છે કે, તમે વડતાલ છોડી દો.'*** તમે જુઓ, ભક્તોના પ્રેમથી, કોઈ ડરથી કે અન્ય કોઈથી શાસ્ત્રીજી મહારાજ બિલકુલ ચલિત થયા નહીં ને તેમને વડતાલ છોડવું જ નહોતું. પણ જ્યારે કૃષ્ણજી અદાએ કહ્યું એટલે શાસ્ત્રીજી મહારાજ બોલ્યા કે, ***'હે કૃષ્ણજી અદા ! આપ બોલ્યા એમાં સાક્ષાત્ ભગતજી મહારાજ બોલ્યા એમ હું જાણું છું, માટે આપની ઈચ્છા પ્રમાણે જ કરીશ.'*** અને તમે જુઓ, શાસ્ત્રીજી મહારાજે પાંચ સાધુઓ સાથે પોટલાં લઈને વડતાલ છોડી દીધું.

ભગવાનને સાકાર તો માનતા જ હતા એટલે સાધુ થયા. આવા ચક્કરડામાં ચડાવ્યા, બધા ડરી ગયા, ગભરાઈ ગયા પણ શાસ્ત્રીજી મહારાજ સ્થિતપ્રજ્ઞની જેમ ભગવાન કર્તાહર્તા છે એમ માનીને આનંદમાં રહ્યા ને આપણને સૌને આનંદમાં રાખ્યા. *ભગતજી મહારાજને ભગવાનનું સ્વરૂપ માનીને અસાધારણ પ્રેમથી જોડાયા ને એમની બે હાથ જોડીને આજ્ઞા પાળી. તેઓએ કહ્યું કે, 'વડતાલ ના છોડશો' તો 'કોઈની મહોબતમાં ફસાયા નહીં, કોઈના દબાણમાં આવ્યા નહીં. પણ કૃષ્ણજી અદા એ મારા ગુરુ ભગતજી મહારાજનું સ્વરૂપ છે ! એમણે જ્યારે કહ્યું કે, 'તમે વડતાલ છોડી દો.' તો એ જ મિનિટે ઝોળી લઈને નીકળી ગયા.* તમે વિચાર કરો ! આ ગુરુની આજ્ઞા સારધાર પાળી.

અક્ષરપુરુષોત્તમની ઉપાસનામાં છેલ્લું સ્ટેપ આવે છે : ભગવાનના ભક્તોને નિર્દોષ માનો. શાસ્ત્રીજી મહારાજે એમના જીવનમાં આ પણ સારધાર પાર પાડ્યું છે. એમના જીવનના પ્રસંગો જુઓ. બોચાસણ સંસ્થા સ્થપાઈ ત્યારે ભયંકર વિરોધ હતો. એને તોડી નાખવા – જેને કહેવાયને કે રફેદફે કરી દેવાનું આખું આંદોલન હતું. શાસ્ત્રીજી

હે માનવો ! જીવનમાં બધું કરો,
પણ એવા ગુણાતીતભાવને પામેલા સાધુમાં જોડાવ,
આત્મબુદ્ધિ ને પ્રીતિ કરો.
એમની આજ્ઞા પાળીને પછી બધું કરશો તો
તમને કશું બંધનરૂપ નહીં થાય, અહંતા-મમતા ઓગળશે,
જીવનમાં પરિવર્તન થશે, યાદ રાખો !
કશું છોડવાનું નથી, અંદરથી છૂટી જશે.





**જેમ જેમ ગુરુ શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજનો મહિમા સમજીએ,**
**જેમ જેમ આપણે એ વસ્તુમાં ઊંડા ઊતરતા જઈએ,**
**જીવન જીવતા જઈએ**
**તેમ તેમ તેનો આનંદ અધિક આવે છે,**
**એનું મૂલ્ય વિશેષ ને વિશેષ સમજાતું જાય છે.**

મહારાજની પ્રભુતા ! આવા વિરોધની સામે સાધુ સિવાય કોઈ ટક્કર ના ઝીલી શકે, યાદ રાખો ! એવી સાધુતા શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામીમાં હતી એટલે સંસ્થાનો કોઈ વાળ વાંકો ના કરી શક્યું. શાસ્ત્રીજી મહારાજને જેમણે આટલી બધી તકલીફો આપી, કનડગત કરી અને કાયમ ડખા કર્યા જ કર્યા, એ જ સંસ્થાના સાધુઓની વિરુદ્ધ કોઈએ પત્રિકા બહાર પાડી. શાસ્ત્રીજી મહારાજ આગળ આવીને કોઈ આ પત્રિકા વાંચતા હતા. એનાં બે-ચાર વાક્યો વાંચ્યાં ત્યાં તો શાસ્ત્રીજી મહારાજે એકદમ ઘાંટો પાડીને કહ્યું, 'એય, બંધ કર.' શાસ્ત્રીજી મહારાજ એકદમ શૂરવીર, એક અવાજ કરે તો ભલભલા ગભરાઈ જાય. એટલે પેલાએ કહ્યું કે, 'સ્વામી, વડતાલ વિરુદ્ધની પત્રિકા છે.' ત્યારે કહે, 'વડતાલ એ આપણું મંદિર છે, ને બાપની જાંઘ ખુલ્લી કરનાર તું કોણ છું ? તું એ પત્રિકાને ફાડી નાખ, બાળી દે.' શાસ્ત્રીજી મહારાજ અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસનાના પ્રવર્તક હતા એટલું નહીં, પણ શુદ્ધ ઉપાસના તેઓના જીવનની રગેરગમાં વણાયેલી હતી. સ્વામિનારાયણ ભગવાનના નામમાત્ર કે સંબંધવાળાને વિશે તેમની આગળ કોઈ ખોટું બોલી જ ના શકે. અને કોઈ બોલે તો એને રોકે ને ખખડાવે. તેમણે વડતાલ મંદિરના કોઈ સાધુનું કે કોઈ ભગતનું ઘસાતું કોઈને બોલવા દીધા નથી. તેઓ પોતે તો કોઈ દિવસ બોલ્યા જ નથી. બોલવું તો નહીં, પણ સાંભળવું પણ નહીં, વિચારવું પણ નહીં. તમે વિચાર કરો, કેવા અજાતશત્રુ !

તમને આ પ્રસંગો કહું છું તે યાદ રાખજો ને ભક્તોને મારી પ્રાર્થના કે, આપણા જીવનમાં જ્યારે પ્રસંગો બને ત્યારે આપણે કેવું વલણ રાખવું એની સમજણ આપતા આ પ્રસંગો છે. તે વખતે જે માણસોનો ભગવાનને જે ઉપયોગ કરવો હતો તે કરીને શાસ્ત્રીજી મહારાજની સાચી સાધુતાનો, શાસ્ત્રીજી મહારાજની અક્ષરપુરુષોત્તમની ઉપાસનાની વાતને આપણા જીવનમાં સાકાર કરવાની પ્રેરણા આપતા પ્રસંગો છે. કોઈના ભાવફેરમાં પડશો નહીં.

શાસ્ત્રીજી મહારાજનો કાર્યક્રમ બામણગામમાં હતો. બોચાસણથી શાસ્ત્રીજી મહારાજ ને બે સંતો બામણગામ જવાના હતા. પણ સંજોગવશાત્ બોચાસણમાં કોઈ કામ આવી પડ્યું એટલે શાસ્ત્રીજી મહારાજ જઈ ના શક્યા અને બે સંતોને મોકલ્યા. ત્યારે તો અક્ષરપુરુષોત્તમ સંસ્થાનાં મંદિરો નહોતાં. મૂળ સંસ્થાનાં મંદિરોમાં જઈને સંતો ઊતરતા. આ બે સંતો બામણગામ જઈ, સભા પત્યા પછી ઉનાળાનો સમય હતો એટલે રાત્રે મંદિરના છાપરા પર સૂઈ ગયા હતા. ખબર પડી કે, આ લોકો આપણા મંદિરમાં ઊતર્યા છે એટલે સફેદ કપડાંવાળા બે પાળાઓને (પાર્ષદોને) મોકલ્યા. શાસ્ત્રીજી મહારાજને મારવા જ મોકલ્યા એમ કહીએ તો ચાલે ! પાળાઓ આવ્યા ને મંદિરના છાપરા ઉપર સૂતા હતા એ બે સાધુઓને એમણે ઊંચકીને નીચે ફેંકી દીધા. પણ ભગવાન સદા રક્ષામાં હોય છે. પેલા બેઉ સાધુઓ ધૂળ ખંખેરીને ઊભા થયા અને જેમણે આ સંતોને ગામમાં બોલાવેલા એ પટેલના ઘરે તેઓ ગયા અને કહ્યું, 'રાત્રે અમને ઉપરથી ફેંકી દીધા.' પટેલ તો ગામના બહુ પાવરફુલ માણસ હતા અને બોરસદ તાલુકામાં એમની હાક વાગે. ત્યારે ભારત સ્વતંત્ર થયું નહોતું, ગાયકવાડી રાજ હતું. અને ફોજદારની બહુ ધાક હતી. પેલા પટેલ તો બોરસદ ઊપડ્યા અને બોરસદના ફોજદારને કહ્યું એટલે પેલા બંને પાળાઓને રાતોરાત પકડીને જેલમાં નાખી દીધા.

આ પાળાઓ જે સંસ્થામાંથી આવ્યા હતા તે મૂળ સંસ્થામાં હાહાકાર મચી ગયો. પાળાઓ જેલમાં જાય એ સારું નહીં એટલે ફોજદારને બહુ પ્રાર્થના કરી. તો ફોજદાર કહે, 'પેલા બામણગામવાળા પટેલ જ્યાં સુધી ના કહે ત્યાં સુધી મારાથી છોડાય નહીં. અને હવે કૉર્ટમાં કેસ થશે.' એમણે પટેલ પાસે પણ ઘણા ધમપછાડા કર્યા. પટેલ કહે, 'તમે તમારા મગજમાં સમજો છો શું ? વિરોધ હોય, પણ આ રીતે તમે કોઈને ફેંકી કેવી રીતે શકો ? તમને પાઠ તો ભણાવવો જ છે મારે, એમ ને એમ છોડીશ નહીં.' આ પટેલ પણ વીફર્યા હતા. બે દિવસ ચાલ્યું, પણ કોઈ સમાધાન જ ના થાય અને ફોજદારે તો દાદ જ ના આપી.

આ લોકોને આઘાપાછા થતા જોઈને ગોરધનભાઈ કોઠારીએ કહ્યું કે, ‘એક જ પુરુષ છોડાવી શકશે – શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ.’ પેલા તો થથરી ગયા. એમને મારવા માટે તો આપણે માણસો મોકલ્યા હતા અને તેઓ આપણને છોડાવશે ? ગોરધનભાઈ કહે, ‘તમે એ સાધુને ઓળખ્યા નથી. જાવ, તમે એમને મળો અને માફી માંગો. તમે માફી નહીં માંગો અને કહેશો તોય છોડાવી આપશે. તમે જોજો તો ખરા, એમની સાધુતાનાં તમે દર્શન કરજો !’ બે સંતો ને હરિભક્તો બોચાસણ ગયા. શાસ્ત્રીજી મહારાજે એમને પ્રેમથી આવકાર્યા, બધું બતાવ્યું, દર્શન કરાવ્યાં ને પછી પૂછ્યું, ‘કેમ આવવાનું થયું ?’ શાસ્ત્રીજી મહારાજને તો ખ્યાલ આવી ગયો હતો, તેઓ જાણતા હતા કે, આ સંતો–ભક્તો પેલા પાળાઓને છોડાવવા માટે અહીં આવ્યા છે. આ ભક્તોએ વાત કરી કે, ફોજદાર એમ કહે છે કે, ‘પટેલ કહેશે તો જ પાળાઓને છોડશે.’ એટલે શાસ્ત્રીજી મહારાજે બામણગામથી પેલા પટેલને બોલાવ્યા. પટેલ સમજી ગયા કે, શાસ્ત્રીજી મહારાજ કેમ બોલાવે છે ? અને તેમણે પણ આ લોકોને જોયા. એટલે શાસ્ત્રીજી મહારાજ કંઈ કહે એ પહેલાં પટેલે કહ્યું, ‘જુઓ ગુરુદેવ ! તમારી આજ્ઞા મને શિરોમાન્ય છે. હું તમને દંડવત્ કરું છું, પ્રાર્થના કરું છું અને તમે જે કહેશો એ કરીશ, પણ આ લોકોને તો હું છોડીશ નહીં. તમને મારવાની હિંમત કરીને આવ્યા જ કેમ? એમને મારે પાઠ ભણાવવો છે. એટલે સ્વામી, તમે ગુરુ છો, પણ કોઈ પણ સંજોગોમાં તમારી આ આજ્ઞા નહીં પાળું.’ શાસ્ત્રીજી મહારાજ કહે, ‘મારી ઈચ્છા છે કે, છોડી દે.’ પણ પટેલે શાસ્ત્રીજી મહારાજને દાદ ના આપી. પછી શાસ્ત્રીજી મહારાજ બોલ્યા, ‘જુઓ પટેલ, હું પણ નિર્ણય કરું છું કે, જ્યાં સુધી આ જે બે સંતોને પકડીને જેલમાં પૂર્યા છે, તેઓ વડતાલ મંદિરે પાછા નહીં જાય ત્યાં સુધી હું જમીશ નહીં.’ પટેલ ધ્રૂજી ગયા, રડી પડ્યા. ‘ગુરુદેવ, આટલું બધું તમારે કરવાનું !’ તરત બોરસદ જઈને પેલા સંતોને છોડાવ્યા. વિચાર કરો તમે, આ એમની કેવી અજાતશત્રુતા! ભગવાનના ભક્તોને કેટલી હદે દિવ્ય માનવાના ! શાસ્ત્રીજી મહારાજે પ્રેમથી એમને વિદાય કરીને મોકલ્યા.

આવા અઢળક પ્રસંગોમાંથી થોડા પ્રસંગ કહ્યા. શાસ્ત્રીજી મહારાજના જીવનમાં તમે જોઈ શકો, યોગીજી મહારાજના જીવનમાં જોઈ શકો, પ્રમુખ સ્વામીબાપા, મહંત સ્વામી, ભક્તિપ્રિય સ્વામી, ત્યાગવલ્લભ સ્વામી, વિવેકસાગર સ્વામી, ઈશ્વરચરણ સ્વામી, બ્રહ્મવિહારી સ્વામી, ભદ્રેશ સ્વામી, હરિપ્રસાદ સ્વામી, મુકુંદજીવન સ્વામી–ગુરુજી, અશ્વિનભાઈ, શાંતિભાઈના જીવનમાં તમે જુઓ તો આ પ્રસંગો સાકાર છે. ગુરુ શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજે જે વસ્તુ આપી તે આ સંતોમાં સાકાર છે, એટલે આ ઉપાસના વિશ્વવ્યાપી પ્રસરી રહી છે. એકલી વાતો કરવાથી, મોટા મોટા ગ્રંથ બહાર પાડીને કે વાદવિવાદ કરીને જીતવાથી ઉપાસનાનું પ્રવર્તન નથી થતું. પણ મૂર્તિમાન ઉપાસનાનાં આવાં જીવંત સ્વરૂપો શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજે તૈયાર કરીને આપણને ભેટ આપી કેટલી મોટી કૃપા કરી ! એટલે આપણે ફાવી ગયા છીએ.

વસંતપંચમીનો મંગલકારી ઉત્સવ ઊજવવાનો આપણા હૈયામાં આનંદ છે કે, સ્વામી આપ પધાર્યા, પ્રગટ થયા, વસ્તુ આપી તો ખરી, પણ એ વસ્તુ અમારા જીવનમાં સાકાર થાય એવા ગુણાતીત અવસ્થાના સાધુઓની ભેટ પણ આપે અમને આપી. અને એમના વિશે અમને હેતે કરીને જોડ્યા. હવે તમે જે શૂરવીરતાથી આ મુદ્દો જીવ્યા એવું અમારું જીવન બને એવી આપના મંગલકારી પ્રાગટ્યપર્વે અમારી સૌની પ્રાર્થનાઓ છે ! ખરેખર, આપણને અણમોલ વસ્તુ મળી છે ! જેનું કોઈ મૂલ્ય આંકી શકાય તેમ નથી. જેમ જેમ એનો મહિમા સમજીએ, જેમ જેમ આપણે એ વસ્તુમાં ઊંડા ઊતરતા જઈએ, જીવન જીવતા જઈએ તેમ તેમ તેનો આનંદ અધિક આવે છે, એનું મૂલ્ય વિશેષ ને વિશેષ સમજાતું જાય છે.

યોગીજી મહારાજ એક ભરવાડનું સીધું ને સરળ દૃષ્ટાંત આપતા. એક ભરવાડને ચળકતો કાચ મળ્યો, તે તેણે તેની માનીતી બકરીના ગળામાં લટકાવી દીધો. તેને મન તેની કિંમત બહુ નહોતી. ગામના દુકાનદારને તે

આજે વસંતપંચમીનો અદ્‌ભુત દિવસ છે !
‘પરિવર્તન દિન’ કહીએ તો પણ ચાલે.
શાસ્ત્રીજી મહારાજ પ્રગટ થયા પછી
આપણા સૌનાંય જીવનને અહંતા-મમતા,
મારા-તારાથી પર થઈને માનવ જીવનમાં
પ્રભુનાં સાચાં સુખ-શાંતિ આનંદ ભોગવવા માટે
રૂપાંતરણ થયું.





**ભગવાનના ભક્તની ભક્તિ ક્રિયાકાંડમાં ના પરિણમે,
ભક્તિ વેવલી ના થાય,
ક્રિયાકાંડ મિકેનિક કે વેઠ ઊતરે એવું ના થાય
એટલા માટે 'શિક્ષાપત્રી' જેવો અજોડ ગ્રંથ
પ્રભુએ આપ્યો છે.
એને રાખીને જીવન જીવીએ.**

કાચ સામાન્ય ના લાગ્યો તેથી ભરવાડ પાસેથી તેની બકરી સાથે પંદર રૂપિયામાં ખરીદી લીધો. એ દુકાનદારે ઝવેરીને એક હજાર રૂપિયામાં વેચ્યો. ઝવેરીએ તેને શહેરમાં વેચ્યો તો એને લાખ રૂપિયા મળ્યા. પછી તેને મોટા શહેરમાં વેચ્યો તો તેના કરોડ રૂપિયા મળ્યા. અને હીરાના વેપારીના દીકરાએ તો દસ નોકરો રાખો અને સવારે સૂર્ય ઊગે ત્યારથી સાંજે આથમે ત્યાં સુધી ભંડારમાંથી જેટલું લઈ જાવ તેટલું તમારું – તેટલું તેનું મૂલ્ય કર્યું. ગામમાં હાહાકાર થઈ ગયો કે, આ માણસે એનો ભંડાર લુંટાવી દીધો. પરંતુ એના પિતા આવ્યા અને તે મણિ જોઈને કહ્યું કે, 'દીકરા, તેં આ મફતમાં પડાવી લીધો.' એ મણિને જ્યારે શરદ પૂર્ણિમાએ આકાશ નીચે મૂકે અને ચંદ્રનાં કિરણો એની ઉપર પડે ત્યારે એના જેવા અનંત મણિઓ એને દર પૂનમે મળવા લાગ્યા. ભરવાડને તો પાંચ રૂપિયાની કિંમતનો જ કાચ લાગ્યો. પરંતુ, જેમ જેમ ઝવેરી બદલાતા ગયા, પરખ થતી ગઈ એમ એમ એની કિંમત વધતી ગઈ.

એમ, જેમ જેમ આપણે આ અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રવર્તન કરનાર શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજની આજ્ઞા પ્રમાણે જીવન જીવે છે એવા મહંત સ્વામી, હરિપ્રસાદ સ્વામી કે અશ્વિનભાઈ, શાંતિભાઈ – કોઈ પણ સાધુમાં જોડાઈએ, તેઓમાં આત્મબુદ્ધિ ને પ્રીતિ રાખી એમની આજ્ઞા બે હાથ જોડીને પાળીએ ને ભગવાનના ભક્તોને નિર્દોષ માનીએ તેમ તેમ એનું મૂલ્ય વધતું જાય ને એમ એમ એનો આનંદ વધતો જાય છે.

આજે વસંતપંચમીનો અદ્‌ભુત દિવસ છે ! 'પરિવર્તન દિન' કહીએ તો પણ ચાલે. શાસ્ત્રીજી મહારાજ પ્રગટ થયા પછી આપણા સૌનાંય જીવનને અહંતા-મમતા, મારા-તારાથી પર થઈને માનવ જીવનમાં પ્રભુનાં સાચાં સુખ-શાંતિ આનંદ ભોગવવા માટે રૂપાંતરણ થયું. પછી એમણે ઉપાસનાનું પ્રવર્તન કર્યું. આ પરિવર્તન દિવસે સ્વામિનારાયણ ભગવાને 'શિક્ષાપત્રી' આપી. આપણને બહુ મોટા ગુરુ મળ્યા છે, સંતો બહુ મોટા છે. પણ મર્યાદામાં રહીને આપણે ભક્તિ કરવી છે. ભક્તિ વેવલી ના બની જાય એનું ધ્યાન રાખવું. એટલે શાસ્ત્રીજી મહારાજે 'શિક્ષાપત્રી' જેવો અજોડ ગ્રંથ સાથે રાખ્યો. ભગવાનના ભક્તની ભક્તિ ક્રિયાકાંડમાં ના પરિણમે, ભક્તિ વેવલી ના થાય, ક્રિયાકાંડ મિકેનિક કે વેઠ ઊતરે એવું ના થાય એટલા માટે 'શિક્ષાપત્રી' જેવો અજોડ ગ્રંથ પ્રભુએ આપ્યો છે. એને રાખીને જીવન જીવીએ. એવું જીવન જીવનારા બ્રહ્માનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી એવા અજોડ સંતોનો પણ આજે પ્રાગટ્યદિન ! અને એમાં પણ શિરમોરસમા આપણા ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજનો પ્રાગટ્યદિન !

દેશ-પરદેશમાં વસતા સર્વ વહાલા ભક્તો તમને ખૂબ ખૂબ અભિનંદન ! ધન્યવાદ ! આપણા નૂતન મંદિરમાં ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજનું ઋણ અદા કરવા માટે સંતો અને આપ બધાએ નક્કી કરીને સોનાની મૂર્તિઓ પધરાવી. એ માટે બહેનોને ખાસ-વિશેષ અભિનંદન ! તેઓએ ઘણું સોનું આપ્યું. આજે શાસ્ત્રીજી મહારાજનું પ્રાગટ્યપર્વ છે. ૭મી જૂને ગુરુદેવ યોગીજી મહારાજનું પ્રાગટ્યપર્વ છે. હવે કોરોનાકાળ પૂરો થવામાં આવશે ને તે પૂરો થાય એની ખુશાલીમાં આપણે ૭મી જૂને મંદિરના કળશ ચઢાવવા છે. એ કળશનાં પૂજન કરીશું ને આરતી ઉતારીશું. મંદિરના કળશ પૂજનની વિધિનું એટલે મને યાદ આવ્યું કે, હમણાં દસ દિવસ પહેલાં બે-ત્રણ ભક્તો અને બહેનો આવ્યાં હતાં. એમણે પૂછ્યું કે, 'કળશ સોનાના ચઢશે ?' મેં કહ્યું, 'હા, કળશ સોનાના ચઢશે.' ત્યારે કહે, 'અમે સોનું આપ્યું હતું, પણ અમને એવું લાગ્યું કે, અમે ઓછું આપ્યું છે, તો અમારે સોનું આપવું છે.' મેં કહ્યું, 'પ્રેમથી આપજો.' એવું જેને થઈ ગયું હોય એને પ્રેમથી મારી અપીલ છે કે, આ સોનાના કળશ માટે સોનાનું દાન કરજો. અને જેમણે પહેલાં નથી આપ્યું એમને થાય કે, શાસ્ત્રીજી મહારાજ-યોગીજી મહારાજની મૂર્તિમાં સોનાનું દાન કરવામાં અમે રહી ગયા, તો આ કળશ માટે પણ તમે દાન કરી શકો છો, સેવા કરી શકો છો. મંદિર પૂરું ક્યારે થયું કહેવાય ? કળશ ચઢી જાય ત્યારે.

ગુણાતીતના દીક્ષાદિને આપણે મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા કરી. આજે આપણે શાસ્ત્રીજી મહારાજનું પ્રાગટ્યપર્વ ઊજવ્યું અને ગુણાતીતના ધારક એવા ગુણાતીત સંત યોગીજી મહારાજ કે જેમને લઈને આપણો આખો સમાજ સુખી છે, તે ગુરુદેવની ભક્તિ અદા કરવા માટે ૭મી જૂન-યોગીજી મહારાજના પ્રાગટ્યપર્વે આપણે સોનાના કળશ ચઢાવવા છે. અત્યારે સરસ કામ ચાલે છે. મંદિરની બહાર આજુબાજુ - મંદિરના પરિસરમાં લૅન્ડસ્કૅપિંગનું કામ ચાલે છે. મંદિરનાં બીજાં બધાં બાકીનાં કામો ચાલી રહ્યાં છે. ઘુમ્મટ નંખાઈ ગયા છે, કળશ તૈયાર થઈ રહ્યા છે. હવે કળશ પર સોનાનો ઢોળ ચઢાવવાનું આવશે. એટલા માટે અપીલ છે કે, જેને પણ સોનું આપવાની ઇચ્છા હોય, ઓછું આપ્યું હોય ને વધારે આપવું છે, નથી આપી શક્યા ને આપવું છે તેઓને આ નિમિત્તે સેવા કરવાની બધાને મારી પ્રાર્થના છે !

તમે સેવાઓ બહુ કરી છે. માંગવાનો અમને અધિકાર નથી હવે, કારણ કે, તમે કૅપેસિટી ઉપરાંત સેવાઓ કરી છે. ભાતભાતનાં તપ પણ એટલાં કર્યાં છે ને વ્રત પણ એટલાં લીધાં છે. ખાવાનાં, પીવાનાં, હરવા-ફરવાનાં, બધું છોડવાનાં, મંત્રલેખન-ધૂન કરવાનાં તમે વ્રત-તપ બહુ કર્યાં છે, દાખડો બહુ કર્યો છે. કોઈએ કેટરિંગ કર્યું, કોઈએ ઘરે ઘરે ફરીને પસ્તી ઉઘરાવી, કોઈએ બચતકુંભની સેવાઓ કરાવી, કોઈએ વાસણો ઉઘરાવ્યાં. તમે જુઓ તો, હૉલસૅલ-આખા ગુણાતીત સમાજમાં દેશ-વિદેશના એકે એક ભક્તે આમાં પોતાનું પ્રદાન કર્યું છે. ટીમસ્પિરિટથી, એકમના થઈને દરેકે પોતપોતાના ગજા ઉપરાંત સેવાઓ કરી છે એવું કહીએ તોય ચાલે. મારું મસ્તક નમી ગયું !

આ તો દશ દિવસ પહેલાં બે-ત્રણ ભક્તો આવ્યા અને એમણે કહ્યું કે, 'અમે રહી ગયા છીએ એટલે અમારી ઇચ્છા છે કે, આવું કરો તો અમને સેવાનો મોકો મળે.' ત્યારે મને થયું કે, આવા ઘણા બધાને એવું થતું હશે. તો એ માટે ખાસ અપીલ કરી છે. આપજો જ એવું નથી કહેતો, પણ જેને પણ ઇચ્છા હોય તે આપજો. કારણ કે તમે આપ્યું છે એને લઈને તો આ બધું થયું છે. જેટલું પ્રભુના કાર્યમાં વાપરીશું એટલું આપણું રહેવાનું છે. અને એ માટે તમને સૌને પ્રાર્થના છે.

૭મી જૂને કળશ પૂજનનો કાર્યક્રમ રાખ્યો છે. ત્યારે ગરમી હશે, પણ યોગીબાપાનું પ્રાગટ્યપર્વ એ આપણા માટે બહુ અગત્યની વાત છે. બાપા તરફની ભક્તિ અદા કરવા માટે આપણે કળશપૂજનનો આ દિવસ નક્કી કર્યો છે. કળશ ચઢાવીશું, આરતી કરીશું અને શાંતિભાઈ, મનોજભાઈ ને ટીમ જે નક્કી કરે તે વિધિને આપણે ફૉલો કરીશું આવો કાર્યક્રમ રાખ્યો છે.

અશ્વિનભાઈ, શાંતિભાઈ, દિલીપભાઈને કમિટીએ આ નક્કી કર્યું છે. તો ખાસ, ખાસ, એ દિવસ માટે આજે શાસ્ત્રીજી મહારાજના પ્રાગટ્યદિવસથી બાપાના પ્રાગટ્યદિવસ સુધી આપણને સેવાની જે ઇચ્છા થાય એ કરજો. ધૂન-ભજન-પ્રાર્થના કરજો કે, આ કોરોના છે એ સૂર્યલોકમાં જતો રહે ને બધા હળીમળીને ભક્તિનો આનંદ કરીએ, પાછા ભેગા થઈને સમૈયા-ઉત્સવની ઉજવણીમાં આપણે ભાગ લઈ શકીએ.

શાસ્ત્રીજી મહારાજના પ્રાગટ્યપર્વે, 'શિક્ષાપત્રી'ની મહારાજે આપણને ભેટ આપી એ મંગલકારી દિવસે, બ્રહ્માનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામીના પ્રાગટ્યપર્વે સૌને લાખ લાખ વંદન ! અને સ્વામી શાસ્ત્રીજી મહારાજને, યોગીબાપાને અને પ્રત્યક્ષ ગુણાતીત સ્વરૂપોના ચરણોમાં પ્રાર્થના કે, સંપ-સુહૃદભાવ-એકતા રાખી, હળીમળીને પ્રભુ! આપના ઉપાસનાના કાર્યમાં અમે સમર્પિત થયા છીએ, તો અમારા ભાવમાંથી બહાર નીકળી, સો ટકા સમર્પિત થઈને તમારા કાર્યનો અમે ખરેખર ગોકીરો કરીએ; એ માટે અમને સૌને બળ, બુદ્ધિ, પ્રેરણા ને જાગ્રતતા ખૂબ ખૂબ અર્પણ કરજો એવી આજના મંગલકારી દિવસની પ્રાર્થના !

જય શ્રી સ્વામિનારાયણ ! ◆

સંપ-સુહૃદભાવ-એકતા રાખી,
હળીમળીને પ્રભુના, ઉપાસનાના કાર્યમાં
સમર્પિત થયા છીએ, તો
'સ્વ'ના ભાવમાંથી બહાર નીકળી,
સો ટકા સમર્પિત થઈને
એ કાર્યનો ખરેખર ગોકીરો કરીએ.



# સાધુ હૃદયની પ્રાર્થનાગંગા



*"પરિમલ પુષ્પ સરખી પ્રસરે દિવ્યતા*
*અંબર શ્વેત તદપિ વિરલ સાધુતા..."*

આ પંક્તિ આતમે ગૂંજી રહી
આજે કાકાજીનો નિર્વાણ દિન
યોગીજી આત્મા મનાયા... રોમ રોમ સ્વીકાર્યા
પરમાત્મા સ્વરૂપનાં દર્શન કર્યાં
રોમે રોમે ધારીને સમગ્રનાં સમર્પણ થઈ જ ગયાં
તે કાકાજી યોગીરૂપ... યોગીસ્વરૂપ... એકાકાર થયા
તે આજે સ્મૃતિમાં ગૂંજી રહ્યું.

### હે સાહેબદાદા !

આપનાં દર્શન કર્યાં છે... રોજ કરીએ છીએ
અમારે આપનાં અખંડ દિવ્ય દર્શન કરવાં છે
મન બુદ્ધિ ચિત્ત આપના ચરણે હોમી દઈએ
'સ્વ' આપને સમર્પિત કરી લઈએ
આપને દિવ્ય માન્યા તેવા સંબંધીને માનીએ
આપનું ગમ્યું તેવું સર્વનું ગમાડીએ... દિવ્ય માનીએ
તે રોજ માનીએ ને માગીએ છીએ
આજે કાકાજીની સ્મૃતિ થતી રહી
આપની મૂર્તિની સ્મૃતિ થતી જ રહી
કાકાજીએ જેમ યોગી સંબંધીને દિવ્ય માન્યા
સૌ યોગીના તે મારા...'હું' સૌનો દાસ
તે અખંડ રોમરોમ સ્વીકારી લીધું
'આપે' પણ તે સ્વીકારી લીધું
આપશ્રી અમ સૌના આત્મપ્રાણ... અમારા સાહેબજી
તે તો આપે માની લીધું
'યોગીજી'ના સૌ મારા...' 'હું' ટળી ગયું
સૌને આપે 'સાહેબ' માન્યા ને સૌની સેવા કરો છો.
અમ સૌને એ શીખવો છો



અમ સૌને તેવાં વર્તન કરવા બળ દો છો
અમારાં 'સ્વ' ઓગાળો છો
આપમાં... યોગીજીમાં... સ્વામી ને શ્રીજીમાં
અમારી વૃત્તિ જોડતા રહો છો
અમારી કસર બતાવતા રહી ટાળતા રહો છો.
યોગીએ અમ સૌને આપના ખોળે મૂક્યા
તે સૌને આપે સ્વીકાર્યા... પોતાના ગણ્યા ને કર્યા
તે સૌને આતમ સુખ દો છો ને સુખી કરો છો.

### હે દયાળુ ! હે સાહેબદાદા !




આજ સુધી આપ જ આ સાધુતાના માર્ગ પર પ્રકાશ પાથરો છો
આંગળી પકડી દોરતા રહો છો
હવે અમને અમારા મટાડી આપમાં એકાકાર કરતા રહો છો
અમ સૌને આપનાં સંબંધીને નિર્દોષ મનાવતા રહો છો
અમ સૌને સંબંધી સર્વની સાથે વ્યવહાર કરાવતા રહો છો
તે કરવા અખંડ બળ પૂરતા રહો છો
'સ્વામિનારાયણ' માત્રને આપે નિર્દોષ માન્યા છે
ધર્મ પ્રધાન પ્રત્યેકને આપે સ્વીકાર્યા ને માન્યા છે
તેમ અમે પણ માનીએ ને તેવાં વર્તન-વ્યવહાર કરીએ
તેવું આપ ઇચ્છો છો... ને કરાવતા રહો છો
તે રીતે વર્તન સહજાવસ્થામાં કરી આપ યોગીસ્વરૂપ થયા...
તેમ અમ સૌ પર આપ કૃપાશિષ વરસાવો




અમે અમારા મટી જઈએ... સંપૂર્ણ કેવળ આપના થઈ જઈએ
આપને પ્રતિપળ રાજી કરવા પ્રત્યેક ક્ષણ જીવી લઈએ.
આપના ૮૨મા પ્રાગટ્યમંગલે અમારા સૌની આ પ્રાર્થના છે.
આપ યોગીમાં... આપ શ્રીજી-સ્વામીમાં તદાકાર
તે ભાવે આપનાં દિવ્ય દર્શન અખંડ કરી લઈએ
તે ભાવે આપનાં સૌ સાથે વર્તન કરતા રહીએ
તે પ્રાર્થના કરી આપના ચરણે કોટિ વંદન ધરીએ છીએ.

સાધુ શાન્તિદાસના જય સ્વામિનારાયણ.

*૭ માર્ચ ૨૦૨૧, કાકાજી નિર્વાણદિન*






*'વાણી અમૃતથી ભરી મધુસમી, સંજીવની લોકમાં,*
*દષ્ટિમાં ભરી દિવ્યતા નીરખતા, સુદિવ્ય ભક્તો સદા...'*

યોગીબાપાના માહાત્મ્યની આ સ્તુતિ છે. ગઈકાલના સ્વાધ્યાયમાં આપણે તેઓની પરાવાણીની વાત કરી, સત્ય, પ્રિય અને હિત કરે એવી સુનૃતવાણીની વાત કરી. અને એવો જ મહિમા યોગીજી મહારાજની મૂર્તિનું વર્ણન કરતા આ શ્લોક 'વાણી અમૃતથી ભરી મધુસમી, સંજીવની લોકમાં...'માં છે. *'અમૃત'-જીવનને આપનારી ! તેઓની વાણી* માત્ર જીવનને આપનારી નહીં, પણ આનંદમય જીવનને આપનારી છે. તેઓની વાણી મધુસમી મધુર છે. મધુરને કેવી રીતે અનુભવી શકાય? તો કર્ણને પ્રિય ને સાંભળવી ગમે એ વાણીને મધુરવાણી કહેવાય. જ્યારે *આ 'લોકમાં'* ક્ષણે ક્ષણે મરવા જેવું લાગે ત્યારે જીવવાનું બળ આપે તેવી આ ગુરુવાણી છે. આ લોકમાં આનંદથી, ઉમંગથી, પ્રેમથી, શાંતિથી જીવવાનું બળ પૂરે છે તેવી સત્ય, પ્રિય અને હિતકર વાણી છે.

'વાણી અમૃતથી ભરી મધુસમી...' યોગીબાપાની સ્તુતિનો આ શ્લોક બનાવનારને એમની કથા ઉપરથી નહિ, પણ એમના જીવન ઉપરથી પ્રેરણા મળી. ને એ વાણીને એમણે '*સંજીવની*' સમાન કહી. એમ કહેવાય છે કે, નોળિયાની અને સાપની જ્યારે લડાઈ થાય ત્યારે સાપનો ઝેરી ડંખ એને વાગે તો નોળિયો જઈને નોળવેલ સૂંઘી આવે એટલે એને ઝેર ચઢે નહીં ને વળી પાછો લડવા માટે તૈયાર થઈ જાય. વર્ષના ૩૬૫ દિવસ સવારથી સાંજ સુધીમાં આપણને સંસારનાં અનેક પ્રકારનાં વેર અને ઝેર ચઢતાં રહે છે અને ત્યારે આ નોળવેલ સૂંઘવા જેવી વાત છે. ખાવાની કે ચાટવાની વાત નહિ, પણ માત્ર સૂંઘવાથી જ એટલે કે, સ્મરણ કરવાથી ઝેર ચઢતાં નથી. ભગવદ્ નામસ્મરણનો કેટલો બધો મહિમા છે ! સૂંઘવાની ક્રિયામાં ઊંડો શ્વાસ લેવો પડે - સૂંઘવાથી એટલે શ્વાસથી. એનો વધારે આધ્યાત્મિક રીતે આપણે અર્થ જોઈએ તો શ્વાસોચ્છ્વાસે હરિનું સ્મરણ થતું રહે તો સંસારનાં ઝેર ચઢતાં નથી. યોગીબાપાએ આવું જીવીને બતાવ્યું છે.

વાણીની સાથે બીજી વાત દષ્ટિની કરી. દષ્ટિમાં દિવ્યતા છે અને વાણીમાં પવિત્રતા છે. જે વાણી સંજીવની સ્વરૂપ છે, જીવન જીવવાનું બળ પૂરું પાડે છે અને મધુર છે. એવું યોગીબાપાની વાણીમાં બળ હતું. કારણ કે, યોગીબાપાના જીવનમાં એવું તપ હતું. એવા યોગીજી મહારાજે આપણને આપેલી આ અમૃતવાણી કે, જેનો આપણે 'યોગીગીતા' તરીકેનો સ્વાધ્યાય કરીએ છીએ. ગઈ કાલના સ્વાધ્યાયમાં આપણે 'યોગીગીતા' ગ્રંથમાં પ્રવેશ કર્યો. એ ગ્રંથ કેવી રીતે આપણને પ્રાપ્ત થયો તેની માંડીને વાર્તા કરી અને એનું પઠન પણ કર્યું કે, આમાં શું શું લખાણ છે. આ ગ્રંથ જેમણે આપ્યો એવા ગુરુદેવ યોગીજી મહારાજના સ્વયં પોતાના જીવનમાં જે બાબત હતી, તે બાબત માત્ર એમણે ઉપદેશ નથી કર્યો, સલાહ નથી આપી, પણ જીવન જીવીને આપણને સૌને બતાવ્યું છે.

'ગીતા' - ગાઈ શકાય-ગેય હોય એટલે 'ગીતા' કહેવાય. અને એવી અનેક ગીતાઓ છે, જેણે પ્રભુનાં ગીત ગાયાં છે, પ્રભુનો મહિમા સમજાવ્યો છે. અને એવા સંતોની જે જે વાણી છે તે પણ 'ગીતા' છે. ભગવાન શ્રીકૃષ્ણએ આપેલી 'ગીતા' દ્વારા ભગવાને અર્જુનને એના વિષાદમાંથી બહાર કાઢ્યો. આપણને પણ રોજિંદા વિષાદમાંથી, ગ્લાનિમાંથી, વિક્ષેપમાંથી, ઉચાટમાંથી બહાર કાઢે એવી બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની વાણી એ આપણા માટેની, આપણા સમયની 'ગીતા' છે. ગુરુહરિ સાહેબદાદા અનેક વખત એમ કહે છે કે, આપણે અર્જુન છીએ. અર્જુન એક નરનું પ્રતીક છે અને તે નારાયણ સાથે જોડાયો.

આપણા સ્વામિનારાયણ સંપ્રદાયમાં, સ્વામિનારાયણ ભગવાને એમના જીવનકાળ દરમિયાન બનાવેલાં ૬ મંદિરમાં સૌથી પહેલું મંદિર અમદાવાદમાં રચ્યું અને એમાં સ્વામિનારાયણ ભગવાને નરનારાયણ દેવની મૂર્તિ પધરાવી. બ્રહ્મસ્વરૂપ સંતની સાથે જોડાઈએ અને એમના બ્રહ્મભાવનો જ્યારે આપણને સ્પર્શ મળે ત્યારે આપણે પણ નારાયણ સાથે એકરૂપ થઈએ છીએ. બ્રહ્મના સંબંધે બ્રહ્મરૂપ થવાના માર્ગે વળાય છે. આત્મા પરમાત્મા તરફ ગતિ કરે છે. અને છેલ્લે તો...

*'સ્વામી અને નારાયણ', 'અક્ષર અને પુરુષોત્તમ',*
*'બ્રહ્મ અને પરબ્રહ્મ', 'આત્મા ને પરમાત્મા.'*

જેને આપણે 'જીવાત્મા' કહીએ છીએ, આ શરીરની અંદર વસેલો જે આત્મા, જેનું વર્ણન ભગવાન શ્રીકૃષ્ણએ 'ગીતા'માં કર્યું છે એ આત્મા કેવો છે? તો જે આપણા બધાના શરીરમાં વસેલો છે એને પરમાત્મારૂપ કરવા-પરમાત્મા સાથે જોડવા માટે એવા બ્રહ્મસ્વરૂપ સંતની આવશ્યકતા છે. આ વાત આપણી અક્ષરપુરુષોત્તમ ઉપાસનામાં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે છતી કરી અને સ્વામિનારાયણનો વિશિષ્ટ અર્થ અક્ષરપુરુષોત્તમની ઉપાસના સ્વરૂપે આપ્યો. ગુણાતીતાનંદ સ્વામીએ જે વાત કરેલી કે, 'હું દેહ નથી, હું આત્મા છું અને મારે વિશે પરમાત્મા પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ સદાય બિરાજમાન છે.' એ વાતને આત્મસાત્ કરવા માટે આજના સમયમાં બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજે મંત્ર આપ્યો કે, 'હું અક્ષર છું અને પુરુષોત્તમનો દાસ છું.' સાહેબદાદાએ એમાં આપણને વધારે સ્પષ્ટતા કરી આપી કે, કયા પુરુષોત્તમ ? તો જે પ્રગટ અને પ્રત્યક્ષ છે અને મારા ગુરુહરિ દ્વારા મને મળ્યા છે, એમનો હું દાસ છું. એવા ભાવના સ્મરણ સહિત દાસ થવાની ભક્તિનું મૂર્તિમંત સ્વરૂપ એવા યોગીજી મહારાજની આ અમૃતવાણીનું આપણે પઠન કરીએ છીએ.

યોગીબાપાએ ભક્તિમાર્ગમાં સૌથી પહેલામાં પહેલી વાત ઉપાડી કે, ભક્તિમાર્ગમાં ત્રણ મોટાં વિઘ્ન. નાનાં નાનાં તો બહુ વિઘ્ન આવે છે. પણ એમણે સૌથી પહેલાં ત્રણ મોટાં વિઘ્નો પર પ્રકાશ પાડ્યો. ભક્તિમાર્ગે જેને આધ્યાત્મિક પ્રગતિ કરવી છે, જેને બાહ્યદષ્ટિને અંતરદષ્ટિ તરફ વાળવી છે, જેને પ્રભુ અને ગુરુમુખી બનવું છે એના માટે સૌથી પહેલી પાયાની શરતરૂપ વાત યોગીબાપાએ કરી. ઘણાં બધાં વચનામૃતો, ઘણી બધી નોંધમાંથી પેલા સેવક-ભક્તને યાદ રહી જાય એ રીતે ટૂંકનોંધમાં લખીને આપી. એમાં ભક્તિમાર્ગે ચાલનારા ભક્ત, સાધક, ઉપાસકને જે ત્રણ મોટાં વિઘ્ન નડે છે અથવા નડવાનાં છે, તો સૌથી પહેલામાં પહેલો એની પર પ્રકાશ પાડ્યો છે. અને એ છે :

(૧) પોતાના દોષ ના ઓળખાય.

(૨) ભગવાનના ભક્ત થકી મન નોખું પડી જાય.

(૩) ભગવાનના ભક્ત થકી બેપરવાઈ થઈ જાય.

'વચનામૃત'નો આધાર લઈને આ ત્રણ ભયસ્થાન તરફ યોગીબાપાએ આપણું ધ્યાન દોર્યું છે. કોઈકનો મૉબાઈલ વાગે એટલે આપણું ધ્યાન એના તરફ જાય છે, પણ આપણા તરફ ધ્યાન રહેતું નથી, જાત તરફ ધ્યાન રહેતું નથી. હું મુસાફર છું ને મુસાફરી મારે કરવાની છે, મારી યાત્રા અને મારું લક્ષ ! એના અનુસંધાન સહિત ચાલવાની વાત છે. આપણા વડીલોએ કહ્યું છે કે, જ્યારે આપણે કોઈના તરફ અંગુલિનિર્દેશ કરીએ છીએ ત્યારે એક આંગળી સામાવાળા તરફ જાય છે અને બાકીની બધી આંગળીઓ આપણી જાત તરફ નિર્દેશ કરતી હોય છે. બહિર્મુખીમાંથી અંતર્મુખી થવાનું, અંતર્દૃષ્ટિ કરીને જીવવાનું અને ભગવાનના પરમ તત્ત્વને આત્મસાત્ કરવાની સતત ઝંખના રાખ્યા કરવાની જેને ચિંતા હોય એ 'સાધક' કહેવાય. અને સાધક હંમેશાં કોઈ ચોર-ચકાર ઘૂસી ન જાય એનું ધ્યાન રાખીને જાગ્રત અને જાણપણાના દરવાજે જીવતો હોય. પોતાની યાત્રા ને પોતાના લક્ષ તરફ જ સતત દષ્ટિ રાખીને જીવે - એના માટેનાં ભયસ્થાન યોગીબાપાએ સૌથી પ્રથમ બતાવી દીધાં.

પછીના સાત મુદ્દામાં યોગીબાપાએ ત્રણ વાત મુખ્ય કરી છે. એક નિર્દોષબુદ્ધિની વાત કરી છે. બીજી સહનશક્તિની વાત કરી છે. અને ત્રીજી સુહૃદભાવની વાત કરી છે. સાત મુદ્દાનું વિશ્લેષણ કરવામાં તો ઘણો સમય જશે, પણ; આપણે સૌએ ભક્તિમાર્ગમાં સાથે મળીને જે કંઈ પણ હોલાઉપાડ કરવાનો છે, એ મુદ્દામાં સૌથી પહેલો મુદ્દો 'યોગી ગીતા'માં યોગીજી મહારાજે નિર્દોષબુદ્ધિનો લીધો છે. પહેલું ભયસ્થાન પણ એ જ બતાવ્યું છે કે, 'પોતાના દોષ ન ઓળખાય.' અને પહેલો મુદ્દો પણ ત્યાંથી જ શરૂ કર્યો છે કે, *'નિર્દોષબુદ્ધિ દરેકમાં રાખવી એ જ આપણી સેવા છે.'*

ભક્તિમાર્ગમાં *'સેવા'*ના બહુ જુદા જુદા અર્થ થાય છે. જે સ્વરૂપ તમને આપ્યું છે તેને સેવવું, એની પૂજા, અર્ચના, પ્રાર્થના કરવી - એને પણ સેવા કહેવાય છે. શ્રી ઠાકોરજીને આપણે કાંઈ પણ સામગ્રી ધરાવીએ, 'મારા તરફથી આ સેવા છે' એમ નોંધાવીએ, લખાવીએ, આગોતરી જવાબદારી લઈએ - એને પણ સેવા કહેવાય. અને સેવ્ય-જેને સેવવાના છે, સેવન કરવાનું છે એવો પણ એનો અર્થ થાય. પણ અહીંયાં યોગીજી મહારાજે કહ્યું કે, દરેકમાં નિર્દોષભાવ રાખવો એ મોટી સેવા છે અને આ પણ બહુ અગત્યનું સમીકરણ છે. તમારે નિર્દોષ થાવું છે ? એ પહેલો વિચાર. કારણ કે, ખામી, ત્રુટિ, દોષ, કુટેવ તો દરેક વ્યક્તિની અંદર છે. વક્તામાં પણ છે ને શ્રોતામાં પણ છે-સર્વમાં છે. તો તમારે દોષરહિત થાવું છે ?

'વચનામૃત'માં સ્વામિનારાયણ ભગવાને ગેરંટી આપી છે કે, 'તમે મને જેવા માનશો એવા હું તમને કરી દઈશ.' અને ભક્ત તરીકે

આપણી પવિત્ર ફરજ બને છે કે, આપણે જેમને સેવવાના છે, એમને વિષે જો આપણે દોષની દૃષ્ટિ રાખીએ તો આપણે નિર્દોષ કેવી રીતે થઈ શકીએ ? નિર્દોષ એટલે કે દોષ રહિત કેવી રીતે થઈ શકીએ ? એટલે પાયાની સૌથી પહેલી વાત કે, સાધનાના માર્ગે પહેલાં એકડો માંડવાનો તે પછી મીંડાં ગમે એટલાં ચઢાવાય. અને જેટલાં મીંડાં ચઢાવીએ એટલી એની કિંમત વધતી જાય. પણ એકડો માંડવો પડે. અને હું જે સ્વરૂપને સેવું છું એટલે કે મારા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ ! તેઓ જેમનામાં સદાય રહ્યા છે, એવું એમનું રહેવાનું ધામ-મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી અને એને આત્મસાત્ કરવાની પ્રેરણા જેઓ આપી રહ્યા છે એવા અનાદિ મહામુક્તરાજ ગોપાળાનંદ સ્વામી; એ આપણા ઈષ્ટદેવ છે! જેમને આપણે સેવવાના છે. અને જે સ્વરૂપ વર્તમાનકાળે આપણને આપણા ગુરુહરિ સ્વરૂપે મળ્યું છે કે, જેમણે આપણને આ મંત્ર આપ્યો, જેમણે આપણને આ મૂર્તિનો મહિમા સમજાવ્યો, જેમણે આપણને આવો ભક્ત સમુદાયનો સંગ સુલભ કરી આપ્યો, હરિભક્તોના સમૂહના એક ભાગરૂપ આપણને બનાવી દીધા. એટલે જે કંઈ પણ જોઈએ એ સાધન-સામગ્રી બધું આપણને આપીને હવે આ માર્ગે તેઓ આપણને ચલાવી રહ્યા છે, ત્યારે ઉપાસ્યમૂર્તિ, સેવ્યમૂર્તિને સંપૂર્ણપણે દિવ્ય માનવી એ બહુ આવશ્યક બાબત છે. ત્યાં જેટલી ખોટ એટલી વ્યક્તિગત રીતે મારામાં ખોટ. અને આપણે જો આગળ વધવું હોય તો અન્યની ખોટ જોવાને બદલે આપણે આપણી પોતાની ખોટ જોતા જઈએ. એટલે સૌથી પહેલું પોતાનો દોષ ન ઓળખાય એવી જેની દૃષ્ટિ હોય.

દોષદૃષ્ટિના સુંદર દૃષ્ટાંત માટે હમણાં એક બહુ સુંદર વિડિયો ક્લિપ ફરતી થઈ છે. મહાભારતની બહુ જૂની વાત છે. મુનિ વેદવ્યાસજીએ પણ આ દૃષ્ટિભેદનું આપણને યુધિષ્ઠિર અને દુર્યોધનને માધ્યમ બનાવીને દૃષ્ટાંત સમજાવ્યું છે. યુધિષ્ઠિર - આપણે સૌ જાણીએ છીએ-ધર્મ, નીતિ અને સંયમના માર્ગે ચાલનારું મહાભારતનું ઉચ્ચ પાત્ર ! અને બીજી બાજુ દુર્યોધન - છળકપટ, ક્રોધ અને ઈર્ષ્યાથી ભર્યું ભર્યું પાત્ર ! મુનિ વેદવ્યાસજીએ વર્ણન કરતાં એમ કહ્યું છે કે, એક વખત દુર્યોધનને પૂછવામાં આવ્યું કે, 'આપણી આ રાજ્યસભા ભરાય છે, એમાં સજ્જન કોણ છે ? અને સર્વશ્રેષ્ઠ સજ્જન કોણ છે ?' એનો તમે અમને નિર્દેશ કરો. એટલે દુર્યોધને સભામાં આમથી તેમ નજર ફેરવી કે, કોણ કોણ બેઠું છે ? બધાને તેમણે જોયા. અને 'જેવી જેની દૃષ્ટિ, તેવી તેની સમજણ, તેવું તેનું મૂલ્યાંકન.' એમ દુર્યોધને પણ પોતાનો અભિપ્રાય-મત જાહેર કર્યો કે, 'આ સભામાં કોઈ સજ્જનનાં દર્શન થતાં નથી.' પછી યુધિષ્ઠિરને પૂછવામાં આવ્યું.

બંને યુવરાજ છે. પાંડુ અને ધૃતરાષ્ટ્રના બેઉ જ્યેષ્ઠ પુત્રો, જેમને હવે પછી રાજ્ય અધિકાર મળવાનો છે. અને લડાઈ તો રાજ્ય અધિકારની જ હતી. મુનિ વેદવ્યાસજીએ મહાભારતમાં 'ગીતા'નું પ્રકરણ તો મૂક્યું, પણ એની સાથે સાથે આ બધાં પાત્રોની ગૂંથણી કરીને દરેકનો નામ પ્રમાણે ગુણ અને ગુણ પ્રમાણેનું કર્મ; એનો ખરેખર મહાભારતનાં પાત્રોનાં વિચાર, વાણી ને વર્તનના માધ્યમ દ્વારા બહુ સુંદર રીતે પરિચય કરાવ્યો છે. વ્યક્તિને ઓળખવા માટે અને વ્યક્તિ તરીકે મારે પોતે કેવી રીતે જીવનવિકાસ કરવો તેનું બહુ સુંદર શિક્ષણ આપ્યું છે. 'મહાભારત' એટલે કૌરવો-પાંડવોનું યુદ્ધ, પણ સાથે ઘણી બધી વાતો એમાં વણી લીધી છે.

યુધિષ્ઠિરને પૂછવામાં આવ્યું કે, 'આ રાજ્યસભામાં કોઈ દુર્જન હોય તો તમે એના ઉપર અંગુલિનિર્દેશ કરો.' યુધિષ્ઠિરે પણ સમગ્ર સભા ઉપર નજર ફેરવી. અને પછી રાજગાદી પર બેઠેલા ધૃતરાષ્ટ્ર અને સિંહાસન પર આરૂઢ થયેલા ભિષ્મપિતામહને બે હાથ જોડીને વિનમ્રતાથી કહ્યું કે, 'જ્યાં આપ જેવા વડીલો બિરાજમાન હોય, જેમણે અમને શાસ્ત્ર અને શસ્ત્રની દીક્ષા આપી, શિક્ષા આપી એવા ગુરુજનો બિરાજમાન હોય એ સભામાં કોઈ દુર્જન હોવો શક્ય જ નથી. બધા સજ્જનો જ બેઠા છે.'

'આપની હાજરીમાં' - આ વર્ણન બહુ અગત્યનું છે. તેઓ ક્યાં બેઠા છે ? કોના સાંનિધ્યમાં બેઠા છે ? તે સમજજો. દુર્યોધન એવું નથી કહેતો કે, તમારી હાજરીમાં આ બધા દુર્જનો ભેગા થયા છે. એ એટલું જ કહે છે કે, આ બધા દુર્જનો જ છે, આમાં સજ્જન ક્યાંય શોધ્યો જડ્યો એમ નથી. એકબીજાની જોડે બધાને તકલીફ છે. આ બધાના ભૂતકાળ તો હું બહુ સારી રીતે જાણું છું. દુર્યોધન બુદ્ધિશાળી માણસ હતો અને રાજકપટનો તો નિષ્ણાત હતો એટલે રૂપ, ગુણ ને નામ સહિત એકે એકને તે ઓળખે. અને એટલે એણે જ્યારે સભામાં નજર ફેરવી ત્યારે એકેય સજ્જન જડ્યો નહીં. એની એ જ વ્યક્તિઓ છે, પણ યુધિષ્ઠિરને કોઈ દુર્જન જડતો નથી. એનું કારણ શું છે ? તો કોના સાંનિધ્યમાં બધા બેઠા છે ? જ્યાં ભીષ્મ પ્રતિજ્ઞાને ધારણ કરીને આવા દાદાજી બેઠા છે, શિક્ષા આપનારા દ્રોણાચાર્ય ને કૃપાચાર્ય બેઠા છે; આવા ગુરુજનોની ઉપસ્થિતિમાં કોઈ દુર્જનને જગ્યા મળે જ નહીં, સજ્જનો જ અહીંયાં આવીને બેઠા હોય. આ વાત સમજજો ! દરેકમાં નિર્દોષબુદ્ધિ રાખવી એ વાતનો આની સાથે છેડો બેસે છે. તેઓ કોણ છે ? ક્યાં બેઠા છે ? કોનું સાંનિધ્ય છે ? કયો મંત્ર ધારણ કર્યો છે ? કોની કંઠી પહેરી છે ? વ્યક્તિગત રીતે એ વ્યક્તિને જોવાની નથી, પણ એ વ્યક્તિને કોની સાથે સંબંધ છે, કઈ શક્તિ સાથે જોડાયેલો છે, ક્યાં વળગેલો છે, ક્યાં સમર્પિત થયેલો છે, કોનો છે ? એ વિચારને પણ આપણે જો પકડી રાખીએ, તો દરેકમાં નિર્દોષબુદ્ધિ રાખવી - એમાં આનામાં રાખવી અને આનામાં ના રાખવી એવો કશો ભેદ જ પાડ્યો નથી. પહેલી લીટી, પહેલો જ મુદ્દો અને એની શરૂઆત 'નિર્દોષબુદ્ધિ દરેકમાં રાખવી તે જ આપણી સેવા છે.'

(ક્રમશઃ) ◆





Divine Discourses of Sant Bhagwant Sahebji

# Spiritual Essence

**Discourse on Vachanamrut Gadhada Madhya 22 :**
***" Be Sena nu, Narayan padharavya nu"***
**29 September 2018, Brahmajyoti Mogri**

**.....CONTINUED from February Brahmanirzar 2021**

*Original Discourse in Gujarati Transcreated by : Bhavisha Tailor*

**In** 1947 India gained independence. When Shastriji Maharaj left Vadtal, the father of Sardar Saheb immediately sent a messenger to bring Shastriji Maharaj to Karamsad, and at that time Shastriji Maharaj showered his blessings on young Sardar Saheb (Vallabhbhai) and said, 'He will become the king of Delhi.' With those blessings, that Sardar Saheb carried out the work of Shastriji Maharaj. When Sardar Saheb started the work of unifying the princely states, the king of Bhavnagar was the first to surrender its rule to the government. In independent India, all the princely states were merged and then divided into districts. In that way the town of Gadhada fell within the district of Bhavnagar and a very young Chudasama Saheb was elected as the District Collector of Bhavnagar. He was an extremely devout disciple of Shastriji Maharaj. He knew that Shastriji Maharaj was after a piece of land in Gadhada and so he took all the maps and went to Shastriji Maharaj and said, 'Swami, decide how much land you want; we want to give you whatever you decide.' The Collector holds all of these powers. Today where the mandir stands in Gadhada, is the land which Shastriji Maharaj circled on the map, and which Chudasama Saheb had gifted to the 'Bochasanwasi Akshar Purushottam Sanstha' in a matter of two to four months. It was there, in Gadhada, that Shastriji Maharaj built the final mandir.

Just see, we all say that the Satpurush is the *swaroop* of God. Gunatitanand Swami gave us living *darshan* of such a sadhu who has attained Gunatit-bhav[1]. Junagadh was very dear to Gunatitanand Swami. He stayed in Junagadh for forty years. He would take everyone to Junagadh, and call everyone to Junagadh. However, he renounced his physical existence in Gondal. Even an ordinary sadhu would choose to renounce his physical body in his favoured location; but Gunatitanand Swami was no ordinary sadhu. He was not bound to anything except Maharaj. He would make it seem like he wants this work done, and that he very much likes that, and because we

---

**[1] Gunatit is an ultimate state of oneness with God, above and beyond all matter. It is when one has risen above the three bodies : physical, subtle and causal; above the three gunas : rajas, tamas and sattva and above the three states of being: waking, dream and deep sleep. One who has risen above his body in all of these ways, is one who has Gunatit-bhav, and God resides eternally within him.**

have love for him we would give ourselves to do that work. The devotees who gave themselves for the work of developing the Junagadh mandir, were showered with Gunatit's grace and so they all became fulfilled. Otherwise, Gunatit was not bound to any place; he was only bound to God. He made that place a medium for us to join with God. Gunatitanand Swami renounced his physical body in Gondal, and there is now an Akshar-Mandir at that *samadhi-sthaan*[2].

Gadhada was very dear to Shastriji Maharaj. His whole life, Shastriji Maharaj kept saying, 'We would like to build a marble mandir in Gadhada.' At that time there were no mandirs made of marble in the BAPS sanstha. To make a mandir out of marble is extremely expensive. Today there are so many devotees but at that time BAPS did not even have that many devotees. Manikaka told me this, which I have told you. There was such a shortage of funds, and while the Bochasan mandir was still unfinished, the construction of the Sarangpur mandir was begun. The consecration of the deities took place in Sarangpur while the work of the mandir was still unfinished, and the construction of Gondal mandir was begun! The Gondal mandir was unfinished, but the deities were installed and consecrated and the work of the Atladara mandir was begun. The Ataladara mandir was incomplete and construction of the Gadhada mandir was begun! And the Gadhada mandir was to be made out of marble. The responsibility of seva for the Gadhada mandir, was given to the devotees in Africa. They were to provide the funds. Shastriji Maharaj toiled and worked so exceedingly hard to create the Gadhada mandir. He would personally travel to Makrana to select the marble, and would stay there. There, he hired a mine and called G.K. Swami from Africa to oversee the mine. Shastriji Maharaj would show so much concern for this mandir and would seem so immersed in it, that everyone thought that Swami's partiality was for this mandir and that he wanted nothing else except this mandir complete.

[2] **The name given to the memorial of where the Sant or englightened soul is cremated.**

At that time, Shastriji Maharaj was residing at Sarangpur. It was decided that the *murti pratishtha*[3] for the Gadhada mandir would take place in 1950 on Vaishakh Sud Dasham. Devotees came from Africa, England and from all directions and gathered in Gadhada to celebrate the *murti pratishtha.* Many devotees stayed in Sarangpur. For the *praan-pratishtha of* Shastriji Maharaj's beloved Gadhada mandir, mostly all the devotees from Africa came with their families; thousands of people came.

Just a few days before Vaishakh Sud Choth, Shastriji Maharaj sent Yogiji Maharaj to Mumbai to personally extend invitations to Nandaji and others for the *murti pratishtha.* Nandaji was a minister at the time. India had gained independence, but had not yet become a republic. Yogiji Maharaj was in Mumbai, all the devotees had gathered in Gadhada and Pramukh Swami was in Gadhada busy with preparations for the *murti pratishtha.* When Shastriji Maharaj's health improved a little, he called for Pramukh Swami to learn of the arrangements etc. That was when Pramukh Swami said, 'Swami! Everything is going well, and the *murtis* have arrived.' So Shastriji Maharaj said, 'My health is good, so I will come to Gadhada and perform the *pooja* of the *murtis* tomorrow. So go and make the necessary arrangements.' Pramukh Swami returned to Gadhada and opened up the *murtis* and placed them on the pedestal. Shastriji Maharaj went to Gadhada the day before Vaishakh Sud Choth. He performed *abhishek* of the *murti*, followed by *poojan* and then performed the *arti.* No one could have imagined what Shastriji Maharaj was doing. Then Shastriji Maharaj said, 'Now I am going to Sarangpur. I have done the *praan-pratishtha arti* for the *murtis,* and Yogiji Maharaj will complete all the other rituals.' Saying that, Shastriji Maharaj left for Sarangpur. Two or three days after reaching Sarangpur, Shastriji Maharaj called a few devotees namely, Maganbapa, Vallabhbhai Sakaria, Tyagvallabh Swami's father and such ten to fifteen devotees and told them to stay behind with

[3] **The consecration ceremony of the deities.**

him. To all of the other devotees, Shastriji Maharaj said, 'Go to Gadhada, and help Pramukh Swami with the *murti pratishtha* seva. In this way, he sent everyone off, and then he took on an illness and on Vaishakh Sud Choth, Shastriji Maharaj renounced his physical existence. The *murti pratishtha* was six days later on Vaishakh Sud Dasham.

Just think about it! Even an ordinary sadhu would stall his earthly departure for such an important event, and say, 'we do not want to go just yet.' Just look at our Kamlaba. She was at Brahmajyoti. That year, Dhuleti was on 15 March. She had made an inner resolution that whenever it was her time to go, Jashu, Hasu, Shantibhai and Ashvinbhai should all be present, and that she did not want to go before Dhuleti. She would tell Maharaj that she did not want to spoil the Dhuleti samaiyo, by departing from her earthly frame during such a time. Shantibhai was leaving for England on 17th March, and so that left just one day in between, namely the 16th of March. Kamlaba was unwell at the time and made a decision to be admitted into hospital on 14th March. She told Jyotiben, Binduba and the other ladies, 'take me to hospital. Because I am unwell, people will keep having to run to me while the Dhuleti samiyo is on.' So she went into hospital. We celebrated the Dhuleti samaiyo on 15 March. On 16 March, Pappaji was having a brain tumour surgery in Amdavad, and so Ashvinbhai and I left early in the morning to get to Saal Hospital in Amdavad. We met Pappaji, did dhun and then we left to come back. Kamlaba was in Anand and her health deteriorated further. We were on the way back, and were close to Nadiad, when we received a call from Kamlaba and she said to me, 'Bhai, where are you?' I said, 'We are on the highway and are going back to Brahmajyoti.' Then Ba said, 'No, don't go anywhere else, come straight to the hospital.' Hasu was there, and Ba had got Hasu to make the call. Because of this conversation with Ba, Ramesh Lothar understood straight away. He knew about Ba's health and so he put his foot down on the accelerator, and drove us at 100 – 125 k.m. per hour, and got us to Pankajbhai's hospital in Anand, in a matter of minutes. Ashvinbhai was with me, Hasu was already at the hospital and Shantibhai had also arrived at the hospital. The four of us stood by Ba's bedside, and Ba renounced her physical existence. If she had passed to Akshardham one day later, Shantibhai would not have been there, as she had wished.

In this way, if devotees with firm conviction are able to ascertain their time of death, then this is Shastriji Maharaj we are talking about! By the grace of such a Guru we are able to stall our death, so would he not be able to stall his own passing to Akshardham? He was an extremely powerful being. But he showed that the Gadhada Mandir was a medium to raise his devotees and disciples above their *deh-bhav*[4], and their worldiness. He showed that he was in no way attached to the Gadhada mandir; he was only attached to God. He made it seem like Gadhada was his favourite, and thereby purposefully made it a medium to connect everyone physically and mentally to Maharaj. So it was on Vaishukh Sud Choth that Shastriji Maharaj renounced his physical existence. Yogiji Maharaj was in Mumbai and was informed of this, and so Yogiji Maharaj and Nandaji took a chartered flight to Bhavnagar and then travelled to Sarangpur. The cremation rites took place the very next day. Today a memorial *smruti-mandir* has been erected there. But with Shastriji Maharaj's passing, a blanket of despondency weighed down on everyone, because the *murti pratishtha* celebrations were after only six days. Everyone thought the *murti pratishtha* would be cancelled. Many devotees packed their bags, in preparation to go back home. Those from the old mandir said, 'See! God is not pleased with you all! Even though they faced so much hardship, these *bundya*[5] don't understand!'

---

**[4] *Deh-bhav* in a literal sense refers to the attachment we have with our bodies, forgetting that the 'soul' is our true self- which is separate from the body i.e. all our desires, ego, emotions etc. Because we have deh-bhav we are prone to anger, infatuation, grief etc.**

**[5] This was an abusive term, meaning traitors or defectors, as many did not understand Shastriji Maharaj's departure from Vadtal for the sake of Akshar Purushottam Upasana.**

A meeting was held with Yogiji Maharaj. Everyone wondered what decision would be taken. Yogi Bapa said, 'It is God's work; it is work that was begun by our Guru, and so it is unstoppable. The *murti pratishtha* will certainly, certainly, certainly take place on Dasham. And so Yogiji Maharaj carried out the *murti pratishtha* on Dasham and broke the despondency. No one is capable of doing this. When one's beloved Guru – 'Shastriji Maharaj says 'Yogi,' then even if I am eating, I will put it all down; if I am writing, I will put the pen down, if I am sitting, I will stand immediately.' When Yogi Maharaj's most beloved of all, his Gurushri renounces his physical existence, any disciple would go into shock! Any disciple would feel great pain! But Yogiji Maharaj was not attached to Shastriji Maharaj's physical form; he was attached to the supreme Lord. It was to please the supreme essence of God that was within Shastriji Maharaj, that he was joined to him. That is why our life goal is to keep our Guru's work, our Guru's resolve continually flowing! That is why Yogiji Maharaj said, 'The date that Shastriji Maharaj has given, is the day that the *murti pratishtha* will certainly, certainly, certainly take place.' And Yogiji Maharaj made it happen.

It is in a similar way that the Amdavad Gadi's NarNarayan Dev mandir happened. Maharaj is showing us that, while we may build mandirs, create ashrams, schools or colleges, or make hundreds of thousands of people satsangee – it is not done out of *sattvic-bhav*[6], it is not done out of some attachment, desire or because we like the cause – it is done because it is God's work. Having surrendered oneself to God, whoever joins in whatever activity is taking place for the sake of God's *prasannata*[7], whoever gives their support to this, helps with this, takes virtue from it, sees the good in it – will not be bound to the activity, they will be bound to God – and the activity will drop aside. How that drops aside, is what Bhagwan Swaminarayan explains in this Vachanamrut. It is a lovely Vachanamrut.

[6] ***Sattvic-bhav*** **very generally speaking refers to the qualities of goodness, charity and purity. In this context would refer to the sentiments of do-gooder.**

[7] **When God or Guru is so pleased with you that it culminates in an outpouring of grace, this is called *prasannata.***

The NarNarayan Dev Gadi *murti pratishtha* took place in Amdavad. Hundreds of thousands of people gathered. Maharaj revealed his immense glory, power and Godliness. The Muslim rule had been overthrown by the incoming British rule. The English offered land to Maharaj and the first NarNarayan Dev Gadi Swaminarayan mandir was built. There were hundreds of thousands of devotees, there were thousands of sadhus and a huge *samaiyo* took place. Everyone was so impressed and its praises were sung far and wide. At that time, Maharaj became sad and left from there. He went to Jetalpur, stayed one night and then went to Dholka and stayed there. There he thought, all of this is by God's grace, by God's wish, and by God's doing. When he brushed all of it aside in this way, with the thought that we have done nothing here, everything is being done only by the Supreme. He told it to us in this way, in order to make us understand. All of this - which is happening - all the satsang, the mandirs and all of these activities are all happening by God's wish, and by God's will. We have simply gained the opportunity to be a part of it, to offer seva! Some offer seva in the form of money, some in the form of their physical time, some in the form of gold, but it is God that is making us do this otherwise what were we going to do? Maharaj tells us, if you do it with this sentiment, then you will not be bound by anything. You will be released from all your attachments. All the mandir activities, satsang activities, satsang development activities, seva activities – were not done so that he would earn praise. Otherwise, when the NarNarayan Dev *pratishtha* took place, the whole of India felt it! What an amazing work! Maharaj says this does not hold any importance for us. What was important to him was to have sadhus who lived for God and devotees who had surrendered to God, other than that, nothing else was important. It was towards them that he held his constant gaze.

It was to raise you – me – all of us; to remove our inner demons of ego, jealousy, anger, lust and get us to attain Gunatit-bhav, that he did everything. He had no other

motive besides that. That is his work and it is solely to achieve that goal that our talents or whatever we have procured through our talents are used. It is to change that part of our mind, intellect and consciousness which does not allow us to work harmoniously with devotees and transform it so that we become one, offer devotion as one and become beloved to God. That is all he wanted to do. It is for this that Bhagwan Swaminarayan gave rise to mandirs, Santo and seva activities. And it is in those activities, through Shastriji Maharaj and Yogiji Maharaj's divine resolutions and Kakaji, Pappaji's grace that we are in the presence of Ashvinbhai – Shantibhai and doing this with their guidance. So we want to be bound only to God, to live only in God, and only for God. That is why the bhajan was sung, *'Shid ne rahiye kangal re Santo,….shid ne rahiye kangal..'* One must not become dejected. The biggest shortcoming that faces the sadhu is that he becomes despondent. One must never become despondent or disheartened. Not when it comes to your work, to devotees or whatever issues you may have. Many become so depressed – how can there be so many issues? But who is it that puts those issues there? It is God. So then pray forcefully! Turn that *mala* intensely! Sit in front of God's *murti* and do dhun! If he has put it there, then it is he that will take it away, so use Him. For sadhus, no matter how many outstanding works you have, no matter how many questions and difficulties arise but you must do dhun, bhajan and prayer and never become dejected. That is why I say to you; take a look at the lives of Ashvinbhai, Shantibhai, Ratibhai! Have they ever become depressed? Have they ever put their work aside? Have they ever left everything behind and just stayed in bed sleeping? When so many situations and questions have arisen, have their faces ever fallen? Have they ever said, 'I can't do this!' These sadhus live only by the strength of God! The sadhu that lives by the strength of his intellect, talents, understanding, will one day certainly fall short, whereas the sadhu that lives by the strength of God, would cross over no matter even if countless questions were to arise. Such sadhus will not become despondent. That is why sadhus must live by the strength of God, live for God and live as God's own. The only thing we need to hold on to is that, 'I do not want to live for myself. I want to live to please God. I do not want to eat for myself, but I want to eat only so that this God-given body stays well, and can perform the best seva.' To keep the physical body well therefore, also becomes our great devotion! It should not be that we do whatever we want with the body, throw it around, damage it and then have five people attending to us. We want to keep this body well – for God, and we want to experience the bliss of God through this body. So we want to eat, but we want to do this only to please God. Whatever activity we engage in, we want to do it for the sole reason of pleasing him. If and when our words, thoughts or actions are such that are not pleasing to God, then our consciousness should bite! We should feel inside that, 'I have thought in a way that God would not be pleased with, I have spoken in a way that God would not be pleased with, I have acted in a way that is displeasing to God.' Do not become dejected but with a heart full of repentance, look within; look towards the Lord that is within you and pray, chant…. Swaminarayan, Swaminarayan, Swaminarayan…'. That is the life of the sadhu. That is the *sadhana* of the sadhu. This is the spiritual practice that the sadhu must carry out.

When will the questions come? Even if you are sitting in your room, questions will come – issues will arise. Some might say, that it is because we are engaged in so many projects or because we go to such and such place that so many questions arise, so let us leave all of that behind and go and meditate in the pyramid. If there are just four or five mosquitos there, they will not allow you to meditate. So there is no such place where questions will not arise. But once God's gaze is upon you, and you have *atma-buddhi* and *preeti*[8] for Santo like Ashvinbhai-Shantibhai, and if you

[8] ***Atma-buddhi* and *preeti* means to love the Satpurush as one's own soul, and thereby refers to a bond of inseparable loving association.**

have understanding then you would want to become like them at the earliest opportunity, and cross over every question or obstacle.

If you take admission into college and then you think, there are exams every three months? And then the annual exams are still outstanding. How can there be so many exams? If you think like this, you will waste your time and because of that you will lose two years and have to write even more exams! But friend! Write those exams in three years, pass them – and that's it, all of them are crossed! Then will you have to write any more exams? For as long as there is *deh-bhav*, there will be obstacles. Once you have risen above *deh-bhav*, there is no problem. It is only for 200 miles that you have weight, and once you cross 200 miles out of the atmosphere, then you are weightless! But to get 200 miles out, you have to endure such a great push. You have to withstand it.

Our activities are all on-going; whether they relate to the mandir, to satsang, to the kitchen, to *katha-varta,* to listening to discourse, doing discourse, washing dishes or transportation, going to office or college – and behind all of this activity, our Lord and the Satpurush have only one goal – which is to raise us above *deh-bhav.* And so no matter what happens, or whatever questions or obstacles arise in whatever you are doing, but do not slip into perceiving others negatively, or criticising them, or looking at their mistakes or faults – simply keep your gaze fixed on God, and keep going, keep walking forward with dhun and prayer, then you will certainly cross over. Do not look towards anything else.

This is what Maharaj is saying in this Vachanamrut, that we have taken this path to do our *sadhana,* so countless questions or difficulties may arise, but all the while you have to keep your gaze fixed on God. I want to attain God, I want to live as God's own, I want to live immersed in God – if you do this, then you will pass over whatever comes your way. Then even if your *deh-bhav* is blown to pieces, you will be able to cross over it, and the final test is when everyone is praising you, you are showered with respect and appreciation, and everyone follows you, worships you, sings your virtues and in that supernatural stage, you eat, drink and enjoy. But God is forgotten in this; and you start to think of yourself as God. That stage is the most dangerous of all. You must not even give it a single glance!

*'Aksharam aham pragat Purushottam swaroopasya dassosmi'* – everything that is happening is not because of me, it is because of God and through God that it is all happening. It is because of God that I have got to this stage. It is because of him that all of this exists. It is because he is king, that I am queen. If I had not married the king, I would have simply remained a beggar. In this way, it is God that has accepted me, who has given me seva, who has given me the strength to do seva, who has given me the opportunity to live my life as his – and so everything that exists is because of him. Hold onto these sentiments tightly and keep walking forward, and you can became Akshardham-*roop*.

Maharaj wants to take us to this stage, and for that he will engage you in activity. You will have to do something or the other. Even the doctor will say to you, 'I am giving you some medicine, but make sure you eat a little food with it, otherwise it will affect you adversely.' Similarly God says that he wants to give us *prasannata*, but engage your physical being in some form of seva; use your skills and talents for seva. Whatever wealth or gold you attain through the use of your intelligence and skills, use it for God's work. [God says] If you do this, then as a result the medicine I have got to make you *Akshar-roop* will take effect, and will work in your lives.

Bhagwan Swaminarayan is telling us in this Vachanamrut Gadhada Madhya 22, that we did not create the NarNarayan Dev mandir. The *murti-pratishtha* samaiyo did not happen. Hundreds of thousands of people did not gather. 'I am the *das* of God, I am the servant – besides this I am nothing.' Maharaj says it is when he thought in this way, that he felt at peace. What he is trying to tell us is that, this is how we must live. People may shout and scream. They may attack you with verbal abuse, swear at you; there will be people who will try to scare you and finally there will be those that will praise you. But you must not look towards

any of this. Besides God, besides the wish to live for God, besides the wish to keep God, besides the wish to carry out the devotion of his devotees, there is no joy in life.

At the age of 79 – 80 years, what exceptional devotion Ashvinbhai and Shantibhai have! Everyone calls them 'Guru,' but they do not pay even the slightest attention towards that. These sadhus have transcended even the supernatural stage, but they live amongst us and so to understand their glory as it actually is, becomes a bit difficult. But if we understand that glory, then God says, there is nothing left for you to do. It is due to our shortcoming that we do not understand that *mahima*[9], and it is for that reason that God joins us to an activity. Now we certainly want to get rid of that shortcoming. We have to think of his glory – ohoho what a sadhu we have attained! The Lord we have attained! Bhagwan Swaminarayan manifested so far away in Chhapaiya, and came onto earth simply for us. Not only did he manifest, but he stayed manifest through the Gunatit sadhu, and joined us to such a sadhu. What immense grace God has showered upon us. Now if because of our foolishness, we do not understand this *mahima*, do not act to please him, do not live our lives to please him, do not put aside our likes and wants, then there is no one as foolish as us. If a plate is placed in front of you, filled with wonderful dishes, and the aroma is exquisite, but you do not eat – then people would call you a fool! So you must eat, meaning – you must remain immersed in his *mahima* and keep carrying out your devotion. The absolute best instrument that we have to carry this out, is our own physical body. Without any inconsistencies whatsoever, these Santo are using their physical body 100% in seva. For them, the sole aim of pleasing God, is their *murti*! The constant reflection and contemplation on this is their devotion! They do not want good food, nor do they crave any form of praise or respect, or any object or possession. But whatever objects or possessions they have, they make the absolute best use of in and for God's work.

[9] ***Mahima* refers to an inner understanding of glory, virtues, qualities and greatness.**

The king of Bhavnagar told Bhagatji Maharaj, 'If you stitch garments for me, like the one's you have stitched for your Bhagwan, then I will give you as much money as you want.' Bhagatji Maharaj replied, 'Raja Saheb! The stitches I take for my Thakorji are stitches of love. No matter how much money you give me, I will not be able to bring that love into what I stitch for you.' When we look at the work of this mandir, we can see the love of the Santo and bhakto, and it is because of this that the work will be completed. So many devotees are offering their devotional surrender with such great love and affection, for the purpose of pleasing God – and the fragrance of this will spread. And from our side, without becoming in the slightest bit dejected, whatever work has fallen into our laps, whatever seva has come our way – no matter whether the seva is big or small – it does not matter in the slightest – simply do it with love and devotion. That is what Bhagwan Swaminarayan looks at. If you do that seva with the sentiment that you are so fortunate to have the seva, then even if you donate one rupee, you will receive the *prasannata* that is showered upon one who donates crores of rupees. It will be showered upon one who may place a single brick and equally upon one who carries hundreds of thousands of bricks for the mandir. Whoever performs seva with utmost love, is upon whom God's *prasannata* will descend.

We want to become bound to God. But to become bound to God, you have to make God's work your own. You have to carry it out believing it to be yours, and in doing so you will become more and more bound to God. Maharaj has explained in this Vachanamrut that you must carry out your work, your duty and never become dejected. God does not like us becoming despondent, and therefore we must not become despondent. With the constant inclination to please God, we must keep doing what we have to do. To brush aside whatever obstacles come in our way is our *sadhana* – our spiritual practice!

Sahajanand Swami Maharaj ni Jai! ◆

# સત્સંગ સમાચાર

## બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ પ્રાગટ્ય જયંતી

વસંતપંચમી, ૧૬ ફેબ્રુઆરીના મહામંગલકારી દિવસે સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીથી ડિજિટલ માધ્યમ દ્વારા સત્સંગસભાનું આયોજન કરવામાં આવ્યું. ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા લિખિત 'શિક્ષાપત્રી' જયંતી, શ્રી સ્વામિનારાયણ ભગવાનના બે અદ્‌ભુત સદ્‌ગુરુ સંતો પૂ. નિષ્કુળાનંદ સ્વામી અને પૂ. બ્રહ્માનંદ સ્વામીના પ્રાગટ્યની મંગલતિથિ અને શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના દિવ્ય પ્રવર્તક બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના પ્રાગટ્યની જયંતી પણ વસંતપંચમીએ.

સભાના આરંભે અનુપમ સૂરવૃંદના સંતોએ કીર્તનો રેલાવી ભક્તિ અદા કરી. યુવાસાધુ પૂ. બિમલદાસે 'શિક્ષાપત્રી' અને શાસ્ત્રીજી મહારાજના જીવન ઉપદેશને લાક્ષણિક શૈલીમાં વ્યક્ત કર્યા. સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાએ શાસ્ત્રીજી મહારાજ દ્વારા વરસેલી કૃપાનું તેમજ અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના સિદ્ધાંત અનુસાર પ્રગટ ગુરુહરિના માહાત્મ્યનું અદ્‌ભુત દર્શન કરાવ્યું. સંતભગવંત સાહેબજીએ શાસ્ત્રીજી મહારાજના દિવ્ય યુગકાર્યને છતું કરી તેઓના અકલ્પનીય મહિમા અને પ્રદાનને વર્ણવી આશીર્વાદ આપ્યા. (જે આ અંકના 'છે માહાત્મ્યસભર વાણી સદા' વિભાગમાં સમાવ્યા છે.) આ પ્રસંગે દેશ અને પરદેશના અગણિત અક્ષરમુક્તો અને સંતોએ જોડાઈ સત્સંગલાભ પ્રાપ્ત કર્યો. ◆

## અનાદિ મહામુક્ત શ્રી ગોપાળાનંદ સ્વામી જયંતી

૨૦ ફેબ્રુઆરીના રોજ અનાદિ મહામુક્ત શ્રી ગોપાળાનંદ સ્વામીની પ્રાગટ્ય જયંતીની ઉજવણી બ્રહ્મજ્યોતિ, મોગરીથી યોજિત



વસંત પંચમીના મંગલપર્વે યોજિત ઑનલાઈન સભામાં પ.પૂ. શાંતિદાદાનાં આશીર્દાન

ઑનલાઈન સત્સંગસભામાં કરવામાં આવી. યોગાનુયોગ તે દિવસે અનુપમ મિશનના યુવાન સાધુ પૂ. સતીશદાસ અને સાધુ ચંદ્રેશદાસના પણ પ્રાગટ્યદિન હોવાથી અદ્‌ભુત માહાત્મ્યગાન કરવામાં આવ્યાં. અમદાવાદથી હસમુખભાઈએ સુંદર મહિમાગાન કર્યાં. સાધુ પૂ. સતીશદાસે પ્રાસંગિક ઉદ્‌બોધન કરી શ્રી મુક્ત-અક્ષર-પુરુષોત્તમ ઉપાસનાના સિદ્ધાંતને સ્પષ્ટ કર્યો અને યોગમૂર્તિ શ્રી ગોપાળાનંદ સ્વામીના માહાત્મ્યને છતું કર્યું. સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ વિગતે વાત કરી અષ્ટાંગયોગી અનાદિ મહામુક્ત શ્રી ગોપાળાનંદ સ્વામી અને અનુપમી સંતોના માહાત્મ્યમાં સૌને લીન કર્યાં. અનુપમ મિશનના પ્રત્યેક મંદિરમાં બિરાજમાન મધ્ય મંદિરની મૂર્તિઓ પૈકી ત્રીજી મૂર્તિ એટલે કે અનાદિ મહામુક્ત શ્રી ગોપાળાનંદ સ્વામીજીની મૂર્તિ પધરાવવા પાછળનો સિદ્ધાંત સુસ્પષ્ટ કરી સૌને મુક્ત અવસ્થામાં જીવન જીવવા માટેનું તેમજ સંતભગવંત સાહેબજીની ગુણાતીત અવસ્થાનાં દર્શન કરાવી અક્ષરરૂપ થઈ પરબ્રહ્મની ઉપાસના કરવા માટેનું માર્ગદર્શન આપ્યું. આ સભામાં દેશ-વિદેશના સેંકડો સંતો અને અક્ષરમુક્તો જોડાયા અને સત્સંગલાભ પામી ધન્ય થયા. ◆

## સંતભગવંત સાહેબજી પ્રાગટ્ય અવસરે માહાત્મ્યદર્શન

વર્ષ ૨૦૨૧ના માર્ચ માસની ધુળેટીએ આવી રહેલા સંતભગવંત સાહેબજીના ૮૨મા મંગલ પ્રાગટ્ય અવસર નિમિત્તે બ્રહ્મજ્યોતિ, મોગરીથી યોજિત સત્સંગસભાઓમાં અનેક સંતો અને અક્ષરમુક્તોએ માહાત્મ્યગાન કર્યાં. સંતભગવંત સાહેબજી સાથેના પોતાના જીવનનાં દિવ્ય સંસ્મરણો, આધ્યાત્મિક અનુભવો, ચિરસ્મરણીય સ્મૃતિઓ અને ગુરુપ્રેમની અમૃત લાગણીઓને આ પ્રસંગે વ્યક્ત કરી.

૧ માર્ચ ૨૦૨૧થી આરંભાયેલ આ માહાત્મ્યદર્શન સભા શૃંખલામાં સાધુ પૂ. પંકજદાસ, સાધુ પૂ. દિવ્યેશદાસ, સાધુ પૂ. રણછોડદાસ, સાધુ પૂ. હિંમતદાસ (યુ.કે.), સાધુ પૂ. પિનાકીનદાસ, સાધુ પૂ. પીટરદાસ, સાધુ પૂ. રમેશદાસ આદિ સંતોએ તેમજ મુકુંદભાઈ સરવૈયા (રાજકોટ), ચેતનભાઈ વ્યાસ (અમદાવાદ), બ્રિજભાઈ પટેલ (પૂના), રાજુભાઈ ગોટી (સુરત), સતીશભાઈ ચતવાણી (યુ.કે.) આદિ અક્ષરમુક્તોએ મહિમાગાન કરી ભક્તિ અદા કરી.

'જે સાક્ષાત્ મહિમાતણું સ્વરૂપ છે, ભાગી અહો યોગીના...', 'શ્રીજીના ધારક, સ્વામીના ઉપાસક સંતભગવંત સાહેબજી...', 'યોગી

સ્વરૂપ સાહેબજી...', 'કરુણાનિધિ સાહેબજી...', 'જીવનદોરી સોંપી સાહેબજીને...' આદિ વિષયો પર ગુરુહરિના અખૂટ માહાત્મ્યને પ્રસરાવી સૌ સંતો અને અક્ષરમુક્તોએ પોતાના હૈયામાં વસેલી દિવ્ય લાગણી તેમજ ગુરુભક્તિને અર્પણ કરી.

તદુપરાંત સપ્તાહના પ્રત્યેક ગુરુવારે ઈન્ટરનૅશનલ યુવકોની ગુરુસભા અને શુક્રવારે ઈન્ટરનૅશનલ યુવતીઓની સભાઓ યોજાઈ, તેમાં પણ ઊછરતી યુવાન પેઢીએ સંતભગવંત સાહેબજીના પ્રાગટ્યમંગલ અવસરે અનુપમ મહિમા દર્શન કરાવ્યાં. વળી, પ્રત્યેક રવિવારે યોજાતી અક્ષરવૃંદની ગોષ્ઠિ સભામાં અષ્ટાંગયોગ પર સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સંતો પૂ. અશ્વિનદાદા, પૂ. શાંતિદાદા, પૂ. મનોજદાસના અપ્રતિમ લાભ પ્રાપ્ત થયા. ◆

## શ્રદ્ધાંજલિ



*** પ્રા. યશવંતભાઈ દવે :** વલ્લભવિદ્યાનગર નિવાસી ગુણાતીત સમાજના પાયાના અનુપમ અક્ષરમુક્ત પ્રા. યશવંતભાઈ દવે ૨૨ ફેબ્રુઆરીના રોજ અક્ષરધામ સિધાવ્યા. સરદાર પટેલ યુનિવર્સિટીના બાયૉસાયન્સ ડિપાર્ટમૅન્ટના અધ્યક્ષ રહી અદ્‌ભુત કારકિર્દી સ્થાપિત કરી અને સાથે પ્રગટ ગુણાતીત સ્વરૂપોનો પ્રસંગ કરી ભક્તિમાં પણ ઉચ્ચતમ પદવી હાંસલ કરી. તેઓએ પ.પૂ. પપ્પાજી અને સંતભગવંત સાહેબજીમાં જીવ જોડી રાખ્યો. સાદગી, સરળતા, સુહૃદભાવ સેવી સૌની મહિમાથી સેવા કરી. ગૃહસ્થ છતાં સાધુ જીવન જીવી તેઓએ અકલ્પનીય ભક્તિ અદા કરી. પ.પૂ. શાંતિદાદા, પ.પૂ. પૂનમદાદા, પ.પૂ. હર્ષદદાદા આદિ સદ્‌ગુરુ સંતો સાથે પ્રીતિએ યુક્ત મૈત્રી રાખી ભક્તિ કરી. ભક્તિના આ સંસ્કાર દીકરા ઉદયભાઈ અને જયદેવભાઈને પણ આપ્યા તેમજ દીકરીઓ પૂ. અમીબહેન, પૂ. ઉમંગીબહેન અને પૂ. નેહલબહેનને ગુણાતીત જ્યોતમાં પ.પૂ. પપ્પાજી અને સંત બહેનોના ચરણે વ્રતધારી સંતની દીક્ષા માટે પ્રેરણા આપી. અંતિમ શ્વાસ સુધી પ્રગટ પ્રભુની સ્મૃતિમાં ગુલતાન થઈ અંતે પ્રભુમાં લીન થઈ ગયા. આવા નિષ્ઠાસંપન્ન આદર્શ અક્ષરમુક્તને વિદાય પ્રસંગે વંદન ! ◆



*** ડૉ. મિતેશભાઈ પંચાલ :** અનુપમ મિશન પરિવારના સમર્પિત ગૃહસ્થ સ્વજન ડૉ. મિતેશભાઈ પંચાલ ૧૦ માર્ચ, ૨૦૨૧ના રોજ અક્ષરધામ પધાર્યા છે. તેજસ્વી પ્રતિભાવંત તેઓની શૈક્ષણિક કારકિર્દી ખૂબ ઉજ્જ્વળ હતી. તેઓએ ઍરોસ્પૅસ ઍન્જિનિયરીંગમાં M.E., Ph.D.ની પદવી પ્રાપ્ત કરી અમદાવાદની પ્રતિષ્ઠિત 'નિરમા ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટૅકનોલૉજી'માં પ્રૉફેસર તરીકે સેવાઓ આપી. તેઓએ અનુપમ મિશન, મોગરી અને ઉપાસના ધામ, અમદાવાદ વચ્ચે આદાન-પ્રદાન કરવા માટે ઉત્તમ સેતુ બનીને અદ્‌ભુત સેવા-ભક્તિ અદા કરી. ગુરુસભાના સક્રિય સભ્ય બની હંમેશાં દીકરા નિમિત્તને લઈને સભામાં જતા. છેલ્લાં ઘણાં વર્ષોથી બ્રહ્મજ્યોતિમાં થતા નાના-મોટા ઉત્સવોમાં વિડિયોગ્રાફી સંબંધી સેવાઓ ખૂબ મહિમાથી કરી તેઓએ ગુરુવર્ય પ.પૂ. સાહેબદાદા અને સદ્‌ગુરુ સંતોની ખૂબ પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. તેઓની ભક્તિયાત્રામાં તેઓનાં ધર્મપત્ની નિકેતાબહેને ખૂબ સાથ આપ્યો અને મૂકભાવે સેવાઓમાં ઓતપ્રોત રહ્યાં. મિતેશભાઈના ધામગમન પ્રસંગે અલૌકિક સમતા દર્શાવી પ્રગટ પ્રભુના કર્તાપણાનો સ્વીકાર કર્યો. તેઓ બંનેએ દીકરી સૌમ્યા અને દીકરા નિમિત્તને પણ સેવા-ભક્તિનો અદ્‌ભુત સત્સંગવારસો આપ્યો છે.

મિતેશભાઈના સંકલ્પ પ્રમાણે મૃત્યુ બાદ તેઓના શરીરનાં ઉપયોગી અંગો (Organs)નું દાન કરી તેઓએ ઉદાર સેવા અર્પણ કરી છે. મિતેશભાઈના અક્ષરધામગમનથી અનુપમ મિશન પરિવારને ખૂબ મોટી ખોટ પડી છે. તેઓના અ.નિ. પિતા બિપિનભાઈ સતત અનુપમ મિશનની સત્સંગપ્રવૃત્તિમાં જોડાયેલા હતા અને હાલ તેઓનાં માતુશ્રી રેખાબહેન તેમજ મોટા ભાઈ ભાવેશભાઈ અને પરિવારજનો અનુપમ મિશનના સક્રિય સત્સંગી તરીકે સેવાપ્રવૃત્ત છે; તેઓ સૌએ આ પ્રસંગે અડગ નિષ્ઠા દાખવી પ્રભુના કર્તાપણાનો સ્વીકાર કર્યો છે, સૌને વંદન ! ◆


**Statement about ownership and other particulars about newspaper**

**BRAHMANIRZAR**

(FORM IV, Rule 8)


| | | |
|---|---|---|
| 1. | Place of publication | : Brahmajyoti, Mogri 388 345, Gujarat |
| 2. | Periodicity of Publication | : Monthly |
| 3. | Printer's name, Nationality & Address | : Shri Pradip S. Giri, Indian<br>Prizam Printers and Publishers Ltd.<br>Premsagar, Nr. Madhuli Restaurant, Vallabhvadi,<br>Bhairavnath Road, Maninagar, Amdavad-8, Gujarat |
| 4. | Publisher's name, Nationality & Address | : Shri Shantibhai F. Patel, Indian<br>Brahmajyoti, Mogri 388 345, Gujarat |
| 5. | Editor's name, Nationality & Address | : Shri Shantibhai F. Patel, Indian<br>Brahmajyoti, Mogri 388 345, Gujarat |
| 6. | Name & Address of individuals who own the newspaper, shareholders and partner or Shareholders holding more than one percent of the total capital. | : Anoopam Mission<br>Registered Trust<br>Brahmajyoti,<br>Yogiji Marg, Mogri 388 345<br>Gujarat |

I Shri Shantibhai F. Patel hereby declare that the particulars above given are true to the best of my knowledge and belief.


Date : 15 March, 2021

Shantibhai F. Patel
Signature of Publisher

## સંતભગવંત સાહેબજીનાં માર્ગદર્શન અપાર
## જેને પરિણામે થઈ રહ્યા છે સાકાર... નૂતન મંદિરના સર્વાંગી આકાર !







## દિવ્ય દર્શનમ્



બ્રહ્મજ્યોતિ, મોગરીના 'ઉપાસના' નિજ નિવાસસ્થાનમાં બિરાજી
સંતભગવંત સાહેબજી નિત્ય સાંજે સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપે છે
અને ચિરંજીવ સ્મૃતિ વહેંચે છે ; તે ધન્યપળોનાં દર્શન !








॥ સ્વામિશ્રીજી ॥


રંગોત્સવ... ગુરુ પ્રાગટ્યોત્સવ... ભક્તિ ઉત્સવ...



આત્મીય સ્વજનો, હે અક્ષરમુક્તો !



વિક્રમ સંવત ૨૦૭૭... હોળિકા ઉત્સવે
ઈષ્ટરૂપ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીની પ્રસન્નતારૂપ
**સાધુતાના કસબના કસબી બ્રહ્મસ્વરૂપ પ્રાગજી મહારાજની**
**૧૯૩મી જન્મજયંતીની પ્રાગટ્યપૂર્ણિમા !**
હોલિકા ઉત્સવ : ૨૮ માર્ચ ૨૦૨૧, રવિવાર
ઑનલાઈન સત્સંગ સભા : રાત્રે ૮:૦૦ વાગ્યે



કૃષ્ણ પક્ષની ફૂલદોલી ધુળેટીએ
ગુરુદેવ યોગીજી મહારાજના આધ્યાત્મિક ઉત્ક્રાંતિના જ્યોતિર્ધર
**પ્રેમમૂર્તિ, આનંદબ્રહ્મના પ્રગટ સ્વરૂપ**
**સંતભગવંત પરમ પૂજ્ય સાહેબજીની ૮૨મી પ્રાગટ્યવસંતે**
ભક્તિ પર્વણીનો અનન્ય ઉમંગ !
ધુળેટી પર્વ : ૨૯ માર્ચ ૨૦૨૧, સોમવાર
ઑનલાઈન સત્સંગ સભા : રાત્રે ૮:૦૦ વાગ્યે

આવો !
આપણે સ્થાનિક કક્ષાએ અવશ્ય આ મંગલ પ્રાગટ્યોત્સવ ઉજવીએ !
કોરોના માર્ગદર્શિકાનું પાલન કરીએ...!
આ ઉત્સવ ઉજવવા ડિજિટલ માધ્યમોનો ઉપયોગ કરી ગુરુભકિત અદા કરીએ !
વળી, બ્રહ્મજ્યોતિ, મોગરીથી યોજાનાર આ મહાઉત્સવની સૂચનાઓ મળે તે પ્રમાણે તેમાં ડિજિટલી અવશ્ય જોડાઈ ધન્ય થઈએ !
જય શ્રી સ્વામિનારાયણ !

Brahmanirzar Monthly R.N.I. New Delhi No.: 69476/86 * Po. Regd. No. AND/303/2021-23
* Date of Publication : 14th of each Month
* Date of Posting : 15th of each Month * Posted at: Vitthal Udyog Nagar Post Office
"Brahmanirzar" Monthly Postal Reg. No. RO - VDR/AND - 303 * Date of Dispatch : 15-3-21 * Office of Origin : Vitthal Udyognagar
Editor : Shantibhai F. Patel * Published by : Shantibhai F. Patel on behalf of Anoopam Mission.* Published at : Mogri 388 345, Gujarat
Printed by : Pradip S. Giri * Printed at : Prizam Printers and Publishers Ltd., Amdavad 380 008

**If Undelivered Please return to :**
**Anoopam Mission, Brahmajyoti, Yogiji Marg, Mogri-388 345. Gujarat, India**
**Phone : (02692) 230483, 230544 Fax : (02692) 235660**
**email : amindia@anoopam.org * website: www.anoopam.org**